પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૫/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૪ વર્ષ : ૧૭ અંક : ૧૩૩


**સુવિચાર**

''સારા સમયે પડેલી હજારો તાળીઓ કરતા, ખરાબ સમયે ખભે મુકાયેલો એક હાથ પૂરતો છે.''


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## શહેરના પ્રથમ નાગરિક તરીકેના ગૌરવવંતા સ્થાન પર મહિલા બિરાજમાન

# અમરેલી પાલિકાના પ્રમુખપદે વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા

### ઉપ પ્રમુખપદે વિરલ પોપટ, કારોબારી ચેરમેન તરીકે મૌલિક ઉપાધ્યાયને જવાબદારી સોંપાઈ

### ભાજપની સત્તાનું પુનરાવર્તન થતા અધુરા રહેલ વિકાસ કાર્યો આગળ વધશે

### નવનિયુકત મહિલા પ્રમુખે શહેરનો સર્વાંગી વિકાસ કરવાની ખાત્રી આપી

### નવનિયુકત હોદ્દેદારોને ભાજપનાં કાર્યકર્તાઓ આગેવાનો અને શહેરીજનોએ શુભકામના પાઠવી

અમરેલી, તા. ૧૯

અમરેલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ આજે પાલિકાના ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં અમરેલી નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તમેજ કારોબારી ચેરમેનની ચૂંટણી પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં ભાજપ દ્વારા એ ગ્રેડની અમરેલી નગરપાલિકાના પ્રમુખપદ માટે વૈશાલીબેન માંગરોળીયાની પ્રથમ અઢી વર્ષ માટે વરણી કરવામાં આવી હતી. જયારે ઉપપ્રમુખદે વિરલ પોપટની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી



હતી. ઉપરાંત કારોબારી ચેરમેન તરીકે મૌલિક ઉપાધ્યાયની નિમણુંક થતાં ભાજપ કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો.

અમરેલી નગરપાલિકાની સત્તા ફરી ભાજપના હાથમાં આવતાં શહેર ભાજપ સંગઠન તથા કાર્યકરોમાં ભારે ખુશીની લાગણી જોવા મળી હતી. નવી ટીમની વરણી બાદ પાલિકા કચેરી ખાતે કાર્યકરો અને આગેવાનો દ્વારા નવનિયુકત સુકાનીઓનું ફૂલહાર અને શુભેચ્છાઓ સાથે ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રમુખપદે વરાયેલા વૈશાલીબેન માંગરોળીયાએ શહેરના

અનુસંધાન પાના ૬ ઉપર

## ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારનાં મોભીની હાલ દયનીય બનવા તરફ

# હદ થઈ : પેટ્રોલનાં ભાવમાં વધુ ૯૦ પૈસા પ્રતિ લીટરનો વધારો થતાં જિલ્લાની જનતામાં ચિંતા

### વિકાસની ગુલબાંગો સાંભળીને થાકેલી જનતાને હવે મોંઘવારી પરેશાન કરે છે



સાવરકુંડલા, તા. ૧૯

આજના સમયમાં મિડલ ક્લાસ પરિવાર સવારે ઉઠે ત્યારે જે સમાચાર તેના આખા મહિનાનું બજેટ હલાવી નાખે છે, તે છે ઈંધણના વધતા ભાવ. સરકારે માત્ર પાંચ જ દિવસના ટૂંકા ગાળામાં જનતાને બીજો મોટો આંચકો આપતા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી વધારો ઝીંકી દીધો છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને અમેરિકા–ઈરાન યુદ્ધની વૈકિ ઉથલપાથલના દૂરગામી માઠા પરિણામો હવે હજારો કિલોમીટર દૂર ગુજરાતના સાવરકુંડલા શહેરના સામાન્ય નાગરિકો અને ખેડૂતોએ ભોગવવાનો વારો આવ્યો છે.ઓઈલ કંપનીઓ દ્વારા આજે પેટ્રોલ અને ડીઝલમાં આશરે ૯૦ પૈસા સુધીનો નવો વધારો કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે હજુ ગત શુક્રવારે જ દેશભરમાં લિટર દીઠ ૩ રૂપિયાનો તોતિંગ વધારો ઝીંકાયો હતો, ત્યાં આ બીજા ફટકાથી જનતા ત્રાહિમામ પોકારી ગઈ છે.આ આકરા ભાવવધારા અને મર્યાદિત પુરવઠા વચ્ચે પણ જિલ્લામાં પેટ્રોલ–ડીઝલ લેવા માટે લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી. હાલ ચોમાસું એકદમ ઢૂકડું છે, જેથી ખેડૂત વર્ગ પોતાના ખેતરોમાં પ્રિ–મોન્સૂન કામગીરીમાં જોતરાયો છે. ટ્રેકટર અને રોટાવેટર જેવા કૃષિ વાહનો દ્વારા ચોમાસા પહેલાના કાર્યો સમયસર પતાવવા માટે ડીઝલનો પર્યાપ્ત પુરવઠો ખૂબ જ આવશ્યક છે.

જિલ્લાના ગણ્યા–ગાંઠ્યા પેટ્રોલ પંપો પર જ હાલ વેચાણ ચાલુ જોવા મળ્યું હતું, જેના કારણે ત્યાં વહેલી સવારથી જ ટ્રેક્ટરોની લાંબીલચ લાઈનો દ્રશ્યમાન થઈ હતી. મોંઘા ભાવે પણ ખેતી બચાવવા માટે ખેડૂતો કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવા મજબૂર બન્યા છે. આ આખી સ્થિતિ દર્શાવે છે કે વૈકિ બજારની હલચલ સીધી રીતે ભારતીય ખેતી અને સામાન્ય માણસના ખિસ્સાને કેવી રીતે પ્રભાવિત કરે છે.

## સમગ્ર પંથકમાં અરેરાટી ઉભી કરતી ઘટના

# ખાંભાનાં તાલડા ગામે કુવામાં ડુબી જવાથી યુવકનુ મોત

### અમરેલી ફાયર ટીમે રેસ્કયુ કરી મૃતદેહ બહાર કાઢયો

અમરેલી, તા. ૧૯

ખાંભા તાલુકાના હનુમાનપુર રોડ સ્થિત તાલડા ગામના વાડી વિસ્તારમાં આવેલા કુવામાં યુવક ડૂબી જવાની દુર્ઘટનામાં મોત નિપજતાં વિસ્તારમાં શોકનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આજે બપોરે અંદાજે ૨:૪૦ કલાકે અમરેલી ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે તાલડા ગામના વાડી વિસ્તારમાં આવેલા કુવામાં એક અજાણી વ્યકિત ડૂબી ગઈ છે. જાણ થતાં જ ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયર ટીમે પોતાની સૂઝબૂઝ અને અનુભવના આધારે કુવામાં રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ડૂબી ગયેલ વ્યકિતના મૃતદેહને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો હતો.

મૃત્યુ પામનાર વ્યકિતની ઓળખ દહીડા ગામના શિવુભાઈ કાળુભાઈ વાળા (ઉ.વ. અંદાજે ૨૮) તરીકે થઈ હતી. ઘટનાને પગલે પરિવારજનોમાં ભારે ગમગીની છવાઈ ગઈ હતી.

આ રેસ્ક્યુ કામગીરીમાં ફાયર સ્ટાફના ગોહિલ ભગવતસિંહ, ભુરીયા જગદીશભાઈ, ઈસોટિયા જયદીપભાઈ, ગિલાતર કમલેશભાઈ તથા ગાંભવા મિલનભાઈએ મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

## પત્નીને તેડવા માટે ગયો અને માથાકુટ થઈ

# રાજુલાનાં બાબરીયાધારના યુવકનું સાવરકુંડલા ખાતે પિતરાઈ ભાઈ ભાભી સહિતે હુમલો કરતા મોત નિપજયુ

### રાજકોટ ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

રાજુલા, તા. ૧૯

રાજુલા યુવકને પિતરાઈ ભાઈ અને તેની પત્ની સહિતના ચાર શખસોએ હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેવાનો બનાવ સામે આવ્યો છે.

રાજુલાના બાબરીયાધારમાં રહેતો યુવક તા. ૧૫ના સાવરકુંડલાના હાથસણી ગામે ફઈના દિકરાના ઘરે હતો ત્યારે ફઈના દીકરાની પત્નીએ આંખમાં મરચાની ભૂકી, છાંટી ફઈના દિકરા અને તેની સાથેના અજાણ્યા બે શખ્સોએ પાઈપ અને કુહાડીથી જીવલેણ હુમલો કરતા યુવકને સારવાર માટે સાવરકુંડલા બાદ અમરેલી અને ત્યાંથી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવતા તેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજતા બનાવ હત્યામાં પલટાયો છે. ઘટનાને પગલે કુંડલા ટાઉન પોલીસ દોડી ગઈ હતી અને હત્યા કરનાર દંપતી સહિત ચાર સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ રાજુલા બાબરીયાધારમાં રહેતા અને કડિયા કામ કરતા હર્ષદ વિષવભાઈ પરમાર (ઉ.વ. ૨૮)નો યુવક ગત તા. ૧૫ના સાવરકુંડલા પત્નીએ તેડવા માટે ગયો હતો ત્યાંથી ગામમાં જ રહેતા ફઈના દિકરા જગદીશ સુખાભાઈ પરમારના ઘરે બેસવા માટે ગયો હતો ત્યારે જગદીશની પત્ની દયાએ પાછળથી આવી યુવકના આંખમાં મરચાની ભૂકી છાંટતા યુવક ભાગવા જતા જગદીશે પાઈપનો ઘા માર્યો હતો. તેમજ સાથે બે અજાણ્યા શખ્સોએ કુહાડાના ઘા મારતા યુવક બજારમાં ભાગ્યો હતો. યુવકને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે પ્રથમ સાવરકુંડલા અને ત્યાંથી અમરેલી અને વધુ સારવાર માટે રાજકોટ સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા રાત્રીના સારવાર દરમિયાન મોત થતા બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવી જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે સાવરકુંડલા પોલીસને કરતા પોલીસે ગુન્હો નોંધી દંપતી સહીત ચારેયની ધરપકડની તજવીજ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક પાસેથી ફઈનો દિકરો જગદીશ પૈસા માંગતો હોય અને જે પૈસાની લેતી દેતીમાં બોલાચાલી થતા હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે, યુવકના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.


ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. ઉત્સવ ડી. ઉનડકટ – ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૨૪/૦૫/૨૦૨૬, રવિવારે, સવારે ૯ થી ૫

ડો. કૈવંત પટેલ – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ, ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત, PFT રીપોર્ટની સુવિધા ઉપલબ્ધ છે
તા. ૨૧/૦૫/૨૦૨૬, ગુરૂવારે, સવારે ૧૧ થી ૧

ડો. ઝલક શાહ ઉપાધ્યાય – પીડીયાટ્રીક એન્ડોકાઈનોલોજીસ્ટ, બાળકોના થાઈરોઈડ, ડાયાબીટીસ તથા ગ્રોથની તકલીફના નિષ્ણાંત
તા. ૨૨/૦૫/૨૦૨૬, શુક્રવારે, સવારે ૯ થી ૨

ડો. અનિલ સાંજવા – પીડીયાટ્રીક સર્જન, નવજાત શિશુ તથા નાના બાળકોની સર્જરીના નિષ્ણાંત સર્જન
તા. ૨૨/૦૫/૨૦૨૬, શુક્રવારે, સાંજે ૫ થી ૬

ડો. કલ્પેશ બજાણીયા – ઓર્થો એન્ડ સ્પાઈન સર્જન, મણકા તથા કરોડરજ્જુની સર્જરીના નિષ્ણાંત
તા. ૨૩/૦૫/૨૦૨૬, શનિવારે, સવારે ૧૦ થી ૧૨

(જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા)
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ



ખુબ ખુબ શુભકામનાઓ...
શ્રીમતી વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા, પ્રમુખ : નગરપાલિકા અમરેલી
અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ પદે નિમણુંક થવા બદલ શ્રીમતી વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા ને ખુબ ખુબ શુભકામનાઓ સહ તેઓ શહેરનો સર્વાંગી વિકાસ કરવામાં સફળ રહે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
નીતાબેન પ્રકાશભાઈ ભડકણ
પૂર્વ નગરસેવક-જેશીંગપરા
અમરેલી



રાજકોટ સીટીમાં–૨ (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101, ''સીટી કલાસીક''
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨, એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777



શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

## ધારીના ખોબા જેવડા દિતલા ગામનાં પ્રગતિશીલ ખેડૂત ઉકાભાઈ ભટ્ટીની આવડત

# ઓહો...હો... : આંબાના એક વૃક્ષ ઉપર ૧૪ પ્રકારની કેરી તૈયાર થાય

**કેસર, હાફુસ, લંગડો જેવી ૧૪ પ્રકારની કેરી એક જ આંબાના વૃક્ષ ઉપર ઉગે છે**

**કેરીની જુદી-જુદી જાતની કલમો એક જ વૃક્ષ ઉપર લગાવીને નવતર સફળ પ્રયોગ કર્યો**

**આમ્રપાલી,નીલમ, દશેરી, બેગમ, નિલેશાન સહિતની ૧૪ પ્રકારની કેરી તૈયાર થાય છે**

**નાના એવા ગામનાં ખેડૂતની કુનેહનાં કારણે તેઓની ઓળખ સમગ્ર જિલ્લા સુધી પહોંચી છે**



અમરેલી, તા.૧૯

સામાન્ય રીતે કેરીના શોખીનો કેસર કેરી,હાફુસ કેરી,લંગડો કેરી નો ઉપયોગ કરતા હોય છે. ત્યારે કેરીઓ કેટલાય પ્રકારની અને એક જ આંબાના વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ તમે ક્યારેય જોય છે.નહિને એક એવા આંબાનું વૃક્ષ કે આ આંબાના વૃક્ષ પર એક નહીં પણ ૧૪ પ્રકારની કેરીઓ પાકે છે

ધારીના દિતલા ગામમાં છે ૨૦ વિઘાની ખેતી ધરાવતા ઉકાભાઈ ભટ્ટી. આમ તો ઉકાભાઈ ભટ્ટી એક પ્રગતિશીલ ખેડૂત તરીકે આખા અમરેલી જિલ્લામાં પ્રખ્યાત છે પોતાનું વાડીમાં પણ આંબાનો બગીચો ઉભો કર્યો છે. પરંતુ તેના ઘર આંગણે ૧ આંબાના વૃક્ષ પર અલગ અલગ કલમો ચડાવીને એક જ વૃક્ષ પર આવી છે ૧૪ પ્રકારની કેરીઓ જોવા મળે છે. આ ૧૪ પ્રકારની કેરીઓના નામ પણ આપે સાંભળ્યા નહિ હોય તેવી અલગ અલગ જાતની કેરીઓ આંબાના વૃક્ષ પર લટકી રહી છે. વૈશાખ મહિનો આવું આવું થયો છે ત્યારે આ આંબાની કેરીઓ પણ બજારમાં આવશે પણ આ એકજ વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ પકવનાર પ્રગતિશીલ ખેડૂતે ખુટા કલમથી ૧૪ પ્રકારની કેરીઓ વિકસાવી હતી. એક જ આંબાના વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓની જાત પણ સાવ સાંભળી ન હોય તેવી છે સાદા આંબાના દેશી વૃક્ષ પર ખુટા મારીને આમ્રપાલી, નીલમ, દશેરી, બેગમ, નિલેશાન નામની કેરીઓની જાત વિકસાવી છે તે ઉકાભાઈ એ મહારાષ્ટ્રમાં ગયેલા ત્યારે અમુક જાતની કેરીઓ વિકસાવાનો વિચાર આવ્યો ને તે અંગે અન્ય તાલુકા મથકોએથી ખેડૂતો પ્રેરણા લેવા આવી રહ્યા છે ત્યારે આ એક જ આંબાના વૃક્ષ પર ૧૪ પ્રકારની કેરીઓ કેમ ઊગે તેના રિસર્ચ કરવા આવ્યા હતા.દરેક ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ ઢળે અને આવી ક્યારેયના જોઈ હોય કે નામ સાંભળયાના હોય તેવી કેરીઓ મહારાષ્ટ્રમાં અને અન્ય રાજયમાં પાકતી કેરીઓ ગુજરાતના ગીર કાંઠાના ધારીના દીતલા ગામે રહેતા ઉકાભાઈ ભટ્ટીના ઘર આંગણે એકજ આંબાના વૃક્ષ પર એકી સાથે ૧૪ પ્રકારની અલગ અલગ પ્રકારની અને અલગ અલગ સ્વાદની કેરીઓ પ્રગતિશીલ ખેડૂત ઉકાભાઈ ભટ્ટીને ત્યાં છે. ઉકાભાઈની મહેનત અંગે ગર્વ કરતા સ્થાનિક લોક પણ આ કેરીનું વૃક્ષ જોઈને નવાઈ પામ્યા છે. બાગાયતી પાકોમાં આ એક જ આંબાના ઝાડ પર ૧૪ કેરીઓ પાકે તે નવાઈ સાથે અદભુત કિસ્સો ગણાવ્યો છે જે અંગે ખુદ ઉકાભાઈ ભટ્ટી દ્વારા આ એક વૃક્ષ પર ૧૪ પ્રકારની અલગ અલગ કેરીઓ જેમના નામો પણ જાણીને આશ્ચર્ય થાય તેવા નાળીયેરો, ગુલાબીયો, દાડમો, સિંદુરીય, કાળો જમાદાર, વરિયાળીયો, સરદાર, પાયલોટ, આષાઢીયો જેવી કેરીઓ નવાબ કાળમાં ૨૦૦ જાતો કેરીઓની હતી જેમાંથી માત્ર કેસર કેરીઓ જ જોવા મળતી હોય પણ અન્ય કેરીઓ લુપ્ત થઈ ગઈ છે તેવી કેરીઓ ઉકાભાઇ ભટ્ટીએ પોતાના વૃક્ષમાં આલ્બમ જેમ સાચવી રાખી છે.

નવાબી કાળમાં ૨૦૦ પ્રકારની કેરીઓ જોવા મળતી હતી પણ ધીમે ધીમે આ જૂની કેરીઓના આંબાઓ લુપ્ત થઈ જતા હવે નવી પેઢીઓને આ કેરીઓ અંગે માહિતી મળી રહે ને એવી કેરીઓ પણ હતી તે ઉદ્દેશ્યને સાર્થક કરવા ઉકાભાઈ ભટ્ટી દ્વારા અલગ અલગ જગ્યાએ ફરીને પણ આવી કેરીઓના આંબા શોધીને પોતાના આંબા પર આ કેરીની જાતો વિકસાવી છે જે પ્રગતિશીલ ખેડૂત તરીકે ઉકાભાઈ ભટ્ટી જિલ્લાભરમાં પ્રચલિત બન્યા છે.

## ગામમાં માર્ગ બનતાં હોય અનેક જગ્યાએ ખાડારાજ

# અમરેલીનાં ગાગર જેવડા બાબાપુર ગામમાં સાગર જેવડી સમસ્યાઓ : ગ્રામજનોમાં નારાજગી

**અનેક વિસ્તારમાં ગંધાતા પાણીનો ભરાવો થતાં જનઆરોગ્ય પર ખતરો**





અમરેલી, તા. ૧૮

અમરેલીના બાબાપુર ગામમાં વિકાસના દાવાઓ વચ્ચે મૂળ ભૂત સુવિધાઓનો અભાવ સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. ગામના લોકો હાલમાં રસ્તા, ગંદકી અને પાણી જેવી પ્રાથમિક સમસ્યાઓથી ભારે પરેશાન બની ગયા છે. અનેક રજૂઆતો છતાં સમસ્યાઓનો કાયમી ઉકેલ ન આવતા ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે.ગામમાં આર.સી.સી. રોડ બનાવવા માટે મુખ્ય રસ્તાઓ ખોદી નાખવામાં આવ્યા છે, પરંતુ લાંબા સમયથી કામ શરૂ ન થતાં ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા છે. ખોદકામ બાદ રસ્તાઓ ધૂળિયા અને જોખમી બની ગયા છે. શાળા જતા બાળકો, વૃદ્ધો અને વાહનચાલકોને દૈનિક અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.બીજી તરફ ગામના અન્ય વિસ્તારોમાં ગંદકી અને પાણી ભરાયેલા રસ્તાઓના કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. રસ્તાઓપર કાદવ અને ગંદુ પાણી ભરાઈ રહેતાં ચેપી રોગો ફેલાવાનો ભય પણ ઉભો થયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ સફાઈ અને ડ્રેનેજ વ્યવસ્થા પણ નબળી હાલતમાં છે.પાણીની સમસ્યા તો લોકો માટે સેથી મોટી ચિંતા બની ગઈ છે. ગામમાં ૨ થી ૩ દિવસે માત્ર એકવાર પાણી આપવામાં આવે છે અને તે પણ દોઢ થી બે કલાક પૂરતું જ. ઓછા સમયના પુરવઠાને કારણે છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચી શકતું નથી. અનેક પરિવારોને પીવાના પાણી માટે ભટકવું પડે છે. મહિલાઓ અને વૃદ્ધોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે.ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર વિભાગો દ્વારા માત્ર આસન આપવામાં આવે છે, પરંતુ સ્થળ પર કોઈ અસરકારક કામગીરી જોવા મળતી નથી. લોકો હવે પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો ગામમાં રસ્તા અને પાણી જેવી મૂળભૂત સુવિધાઓ જ ઉપલબ્ધ ન હોય તો વિકાસના દાવાઓનો અર્થ શું ?ગ્રામજનોએ તાત્કાલિક આર.સી.સી. રોડનું કામ પૂર્ણ કરવા, ગંદકી અને પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા તેમજ નિયમિત અને પૂરતો પાણી પુરવઠો સુનિશ્ચિત કરવા તંત્ર સમક્ષ કડક માંગ ઉઠાવી છે.

## ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે ગુરૂવારે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે



અમરેલી, તા. ૧૯

તા. ૨૧/૫/૨૬ને ગરૂવારના રોજ લાઠી તાલુકાના ભૂરખીયા હનુમાનજી દાદાના મંદિરે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનાં આર્થિક સહયોગથી સવારનાં ૮ થી બપોરનાં ૧૨ સુધી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે ૯૮મો વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરેલ હોય દર્દીઓએ આધાર પુરાવા સાથે સમયસર આવી જવું. જરૂરીયાત મંદ દર્દીઓને વિના મૂલ્યે મોતિયોના ઓપરેશન કરી અપાશે. તેમજ નંબરના ચશ્મા રાહત ભાવે બનાવી અપાશે. આ કેમ્પનો લાભ લેવા આયોજકોએ જણાવેલ છે.

## એક શિક્ષિકાની તબિયત લથડી

# સાવરકુંડલામાં વસ્તી ગણતરીની તાલીમ દરમિયાન યોગ્ય વ્યવસ્થાનો અભાવ

**શિક્ષકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો**



અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાનાં સાવરકુંડલામાં ચાલી રહેલી વસ્તી ગણતરીકારની ફેઈજ-૨ તાલીમ દરમિયાન યોગ્ય વ્યવસ્થાઓના અભાવે શિક્ષકોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે. સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલ ખાતે યોજાઈ રહેલી આ તાલીમમાં આશરે ૩૫૦ જેટલા શિક્ષકો હાજર રહ્યા હતા, પરંતુ તાલીમ સ્થળે પૂરતી સુવિધાઓ ન હોવાના આક્ષેપો ઉઠ્યા છે.તાલીમ દરમિયાન સાવરકુંડલાના હાડીડા ગામની શિક્ષિકા ગીતાબેનની અચાનક તબિયત લથડતા અન્ય શિક્ષકોમાં પણ ચિંતા અને રોષની લાગણી ફેલાઈ હતી. શિક્ષકોના જણાવ્યા મુજબ, ગરમી વચ્ચે બપોરના સમયે તાલીમ યોજાતા ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.અમરેલી જિલ્લાના અમુક તાલુકાઓમાં વસ્તી ગણતરીની તાલીમ સવારના સમયે યોજાઈ રહી હોવા છતાં સાવરકુંડલામાં બપોરના સમયે તાલીમ રાખવામાં આવતા શિક્ષકોમાં અસંતોષ વ્યાપ્યો છે. તાલીમ દરમિયાન બેસવાની, પીવાના પાણી સહિતની મૂળભૂત સુવિધાઓ અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા.શિક્ષકો દ્વારા તંત્રને અનેકવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય પગલાં લેવામાં આવ્યા ન હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે. સમગ્ર મામલે તંત્રની ચુપકીદી સામે શિક્ષકવર્ગમાં નારાજગી વધી રહી છે.વસ્તી ગણતરી જેવી મહત્વપૂર્ણ કામગીરી માટે યોજાતી તાલીમમાં જ અવ્યવસ્થા સામે આવતા શિક્ષકોમાં લાચારી ની લાગણી જોવા મળી રહી છે. હવે તંત્ર દ્વારા શિક્ષકોની સમસ્યાઓ અંગે યોગ્ય ધ્યાન અપાશે કે નહીં તે જોવું રહ્યું.





ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪






## પુર્વ કેબિનેટ મંત્રી બાવકુભાઈ ઉંધાડની અનેક રજુઆતોને અંતે ગતિવિધિ તેજ

# કલ્પસર યોજના સાકાર થશે તો સૌરાષ્ટ્રમાં સોનાનો સુરજ ઉગશે

**પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીનાં નેધરલેન્ડ પ્રવાસથી કલ્પસર યોજના ફરી અમલી બની શકે છે**

**સૌરાષ્ટ્રમાં ખેતી, ઉધોગો અને સેવાક્ષેત્ર માટે ઉજળી તકો ઉભી થશે**

**છેલ્લા ૩ દાયકાથી ચર્ચામાં રહેલ કલ્પસર યોજનાને લઈને પુનઃ ગતિવિધિ**

**વિના વિઘ્ને અને યુદ્ધના ધોરણે 'કલ્પસર' યોજના સાકાર થાય તેવું સૌકોઈ ઈચ્છી રહ્યું છે**










વડિયા, તા.૧૯

સમગ્ર વિશ્વમાં ભારત એક વિકાસની ગતિમા ઉભરતા દેશ તરીકે નામના મેળવી રહ્યો છે ત્યારે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની જન્મભૂમિ અને કર્મભૂમિ એવા ગુજરાત રાજય વિકાસમાં અગ્રેસર બંને તે ખુબ જરૂરી છે. દેશમાં જયારે માઁ પીરસણી હોય અને મોસાળે જમણવાર હોય તો કશું ઘટતું હોતું નથી તેમ ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રાંત માટે કલ્પસર પ્રોજેકટ જે તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો પણ એક ડ્રિમ પ્રોજેકટ માનવામાં આવતો હતો.

આ પ્રોજેકટ વર્ષોથી વિચારણામાં હતો અનેક વાર તેના પર સર્વે કરવામાં આવ્યા પરંતુ કોઈ ને કોઈ કારણો સર તે આજદિન સુધી સફળ થતો જોવા મળ્યો નથી. આ બાબતે અમરેલી જિલ્લાના ખેડૂત નેતા એવા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા રાજય અને કેન્દ્ર સરકારને અનેક વાર પત્રો લખીને રૂબરૂ મુલાકાતો કરી ને બે હજાર કરોડના અંદાજિત ખર્ચ થી સૌરાષ્ટ્ર કચ્છના વિકાસ માટે કલ્પસર યોજના અમલી બનાવવા દેશના વડાપ્રધાન, કેન્દ્રીય જળ સંસાધન મંત્રી, રાજયના મુખ્યમંત્રી અને સિંચાઈ મંત્રીને રજુવાતો કરી હતી અને સમયાંતરે આ યોજના બાબતે રજુવાતોથી આ મુદ્દા બાબતે સરકારનુ સતત ધ્યાન દોરતા રહ્યા હતા. આ બાબતે છલ્લે કરેલી રજુઆત સરકારના કાને અથડાઈ હોય તેમ પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડને મળેલા સરકારના પ્રત્યુત્તરમાં જોવા મળ્યું હતુ તેમાં જણાવ્યા અનુસાર જે મુજબ રાજયના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મુખ્ય ઈજનેર અને અધિક સચિવ દ્વારા કલ્પસર યોજનાના વિગતવાર પ્રોજેકટ અહેવાલની કામગીરીના વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરતા હાલ ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ અર્થ સાયન્સ હેઠળની સંસ્થા નેશનલ સેન્ટર ફોર કોસ્ટલ રિસર્ચ ( એન.સી.સી.આર.) ચેન્નઈને સોંપવામાં આવી છે. આ ઉપરાંત ૦૮/૧૦/૨૪ ના રોજ મળેલી એકસપર્ટ એડવાઈઝરી ગ્રુપની બેઠકમાં પણ આ બાબતે વિગતે ચર્ચાઓ કરવામાં આવી છે. ત્યારે આ એકસપર્ટ એડવાઈઝરી ગ્રુપ દ્વારા આ અહેવાલના આધારે સમગ્ર પ્રોજેકટને અમલી બનાવવા રાજય અને કેન્દ્ર સરકારને મોકલી આપવામાં આવશે જેની લેખિત જાણ સૌરાષ્ટ્રના ખેડૂત નેતા એવા પૂર્વકેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડને નર્મદા અને કલ્પસર વિભાગના અધિક સચિવ દ્વારા તા. ૨૮/૧૦/૨૪ ના રોજ પત્ર લખીને માહિતી આપી આ યોજના પર સરકાર સકારાત્મક વલણ ધરાવતી હોય તેમના પર એકસપર્ટ એડવાઈઝરી કમિટી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી હોય તેની જાણકારી આપવામાં આવી હતી સાથે ૦૮/૧૦/૨૦૨૪ ના રોજ એકસપર્ટ એડવાઈઝરીની મળેલી બેઠકમાં આ પ્રોજેકટ અહેવાલ પર ખાસ ચર્ચાઓ પણ કરવામાં આવી હતી તો બીજી બાજુ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ભરૂચથી ભાવનગર ના ઘોઘા સુધી એક બ્રિજ નિર્માણ થાય તે માટે પણ સર્વેક્ષણ કરાવાઈ રહ્યું હતુ. આ પણ એક કલ્પસર યોજનાનો ભાગ જ ગણવામાં આવે છે હાલ આ યોજના પર કેન્દ્ર અને રાજય સરકાર પૂરતો રસ દાખવી અને ભવિષ્યમાં નિર્માણ માટેની તૈયારીઓ અને ચકાસણીઓ કરતી હોય તેવુ જોવા મળી રહ્યું હતુ. આ તમામ ગતિ વિધીઓ પાછળ રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ સતત પોતાની નજર રાખતા હતા અને પોતાની સૌરાષ્ટ્રના ખેડૂતો અને લોકો માટે કલ્પસર સાકાર કરવાનું સ્વપ્ન છે તે બાબતે સતત પ્રયત્ન કરતા જોવા મળ્યા હતા. હાલ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિવિધ દેશોના પ્રવાસે છે ત્યારે નેધરલેન્ડના પ્રવાસ દરમ્યાન તેને ત્યાંના અફસ્લુટડાઈક બંધની મુલાકાત લીધી અને ફરી કલ્પસરે માથુ ઉંચકયું હોય તેમ સૌરાષ્ટ્રના સ્વપ્નએ માથુ ઉંચકયું અને નેધરલેન્ડ સરકાર સાથે આ પ્રોજેકટ બાબતે તેને આધુનિક ટેકનોલોજી સાથે નિર્માણ કરી સાકાર કરવાની ચર્ચાઓ થઈ જો સૌરાષ્ટ્ર માટે કલ્પસર સાકાર થાય તો ભાવનગરના ઘોઘા આસપાસ થી દહેજ આસપાસ સુધી લગભગ ૩૦ કિલોમીટરની લંબાઈનો એક ડેમ બાંધવામાં આવે અને એક વિશાળ જળ ાશયનુ નિર્માણ થાય એક સૌથી મોટુ જળાશય બને. તેના પર હાઈવે નુ નિર્માણ થતા સૌરાષ્ટ્ર થી સુરત વચ્ચેનુ અંતર પણ ખુબ નજીક થાય ખનીજ તેલનો બચાવ થાય. સૌરાષ્ટ્રથી કચ્છ સુધી સિંચાઈ અને પરિવહનની કેનાલનું નેટવર્ક ઉભું થતા ઉધોગો અને જળ પરિવહનને પ્રાધાન્ય મળે સાથે શિપયાર્ડ સહીત ઉધોગો અને પોર્ટનો વિકાસ થતા સૌરાષ્ટ્રમાં ખેતી, ઉધોગો અને સેવા ક્ષેત્ર મજબૂત થતા પછાત ગણાતા સૌરાષ્ટ્ર માટે કલ્પસર ઝડપી વિકાસના દ્વાર ખોલી શકે છે તેથી સૌરાષ્ટ્રના લોક નેતા ગણાતા પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડે આ બાબતે અનેક વાર રજુવાતો કરી હતી હાલ પણ આ બાબતે તેઓ એટલે જા ઉત્સુક જોવા મળી રહ્યા છે ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેધરલેન્ડની મુલાકાતથી ત્યાં આવેલાં અફસ્લુટડાઈક બંધની મુલાકાત અને ત્યાંની ટેકનોલોજી જોતા ફરી પ્રધાનમંત્રીના મગજમાં ગુજરાતની કલ્પસર યોજનાએ માથુ ઉંચકયું છે ત્યારે આ યોજના સાકાર થાય તો ચોક્કસ સૌરાષ્ટ્રમાં સોનાનો સુરજ ઉગી શકે તેમાં બે મત નથી તેને એક શ્રેય સતત આ યોજના પાછળ સરકારનું ધ્યાન દોરતા અને લોકો વતી રજુવાત કરતા સૌરાષ્ટ્રના લોકપ્રિય નેતા બાવકુ ઊંધાડને આપવો જ પડે તેમાં બે મત નથી. ત્યારે આ યોજનાને વહેલી તકે મંજૂરી આપવામાં આવે તે માટે સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોને ફરી આશાઓ બંધાઈ છે અને આ સમાચાર મળતાની સાથે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડને સમગ્ર સૌરાષ્ટ્ર અને સુરત પ્રાંતમાંથી લોકો અભિનંદન આપતા જોવા મળી રહ્યા છે ત્યારે હવે સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આ યોજનાને મંજુર કરવામાં આવે છે તેની લોકો ચાતક નજરે રાહ જોતા હોય તેવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટર્સ
MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

Hero
હીરોનું સ્કૂટર સ્કૂટરનો હીરો
Destini 125
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132 THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મસાલે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ.અમરેલી.

HONDA
દરેક સફર હવે Shine સાથે
સ્ટાઈલ પણ, સેવિંગ પણ
Shine 100 DX ₹71015
Shine 100 ₹65,446/-
₹4999
પરીખ હોન્ડા

### ઈ-ફાર્મસી એપ્સ Vs મેડિકલ સ્ટોર્સનો જંગ

# આજ રોજ ૧૨ લાખથી વધુ મેડિકલ સ્ટોર્સની હડતાળ

## આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઈન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે

નવી દિલ્હી,તા.૧૯

આજના ડિજિટલ યુગમાં એક ક્લિક પર કપડાં અને કરિયાણાની જેમ દવાઓ પણ ઘરબેઠા આકર્ષક ડિસ્કાઉન્ટ સાથે મળી જાય છે. આ સુવિધા ગ્રાહકોને ખૂબ સુવિધાજનક લાગે છે, પરંતુ તેની પાછળ એક મોટું આર્થિક અને આરોગ્ય સંબંધિત સંકટ આકાર લઈ રહ્યું છે. ભારતભરના ૧૨.૪ લાખથી વધુ કેમિસ્ટ અને ફાર્માસ્યુટિકલ વિતરકોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા 'ઑલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ કેમિસ્ટ્સ એન્ડ ડ્રગિસ્ટ્સ' એ ૨૦ મેના રોજ દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. મોટા કોર્પોરેટ-સમર્થિત ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મ્સ અને ક્વિક-કોમર્સ એપ્સ સામે પરંપરાગત મેડિકલ સ્ટોર સંચાલકો કેમ રસ્તા પર ઉતરવા મજબૂર થયા છે અને આ વિવાદ શું છે, ચાલો સમજીએ.

આ વિવાદનું મુખ્ય કારણ ઈ-ફાર્મસી પ્લેટફોર્મનો સતત વધતો જતો વ્યાપ અને ઓનલાઈન દવા વેચાણને નિયંત્રિત કરતી અપૂરતી સરકારી દેખરેખ છે. કેમિસ્ટ સંગઠનોનો આક્ષેપ છે કે ઓનલાઈન દવા વેચતા પ્લેટફોર્મ્સ નબળા નિયમન હેઠળ કામ કરી રહ્યા છે. તેઓ પ્રિસ્ક્રિપ્શન, સ્ટોરેજની યોગ્ય શરતો અને ડિલિવરીના કડક ધોરણોની ચકાસણી કર્યા વિના જ આડેધડ દવા વેચી રહ્યા છે. આ સંગઠનના પ્રમુખ જે. એસ. શિંદે અને મહા મંત્રી રાજીવ સિંઘલે એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું છે કે, 'આ ફક્ત વેપારનો મુદ્દો નથી, પરંતુ દર્દીની સલામતીનો મામલો છે.'

AI જનરેટેડ પ્રિસ્ક્રિપ્શનઃ આજના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) દ્વારા બનાવેલા પ્રિસ્ક્રિપ્શન બતાવીને ઓનલાઈન દવાઓ ખરીદવાનું જોખમ વધી ગયું છે.

એન્ટિમાઈક્રોબાયલ રેઝિસ્ટન્સ (AMR): ડૉક્ટરની સલાહ વિના ઓનલાઈન એન્ટિબાયોટિક્સના અનિયંત્રિત વપરાશને કારણે શરીરમાં દવાઓ અસર કરતી બંધ થઈ જાય છે, જે વૈશ્વિક સ્તરે જાહેર આરોગ્ય માટે મોટો ખતરો છે.

નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પરંપરાગત મેડિકલ સ્ટોર્સ ખૂબ જ ઓછા નફાના માર્જિન પર કામ કરે છે. બીજી તરફ, મોટા કોર્પોરેટ જૂથોના પીઠબળ ધરાવતી ઈ-ફાર્મસીઓ ગ્રાહકોને આકર્ષવા માટે ૫૦ ટકા સુધીનું આક્રમક ડિસ્કાઉન્ટ આપે છે. સ્થાનિક કેમિસ્ટો માટે આટલું મોટું ડિસ્કાઉન્ટ આપવું આર્થિક રીતે શક્ય નથી. આથી બજારમાં 'અન્યાયી સ્પર્ધા' ઊભી થઈ રહી છે, જે નાના કેમિસ્ટોના અસ્તિત્વને જોખમમાં મૂકી રહી છે. કેમિસ્ટોની માંગ છે કે સરકારે આ પ્રિડેટરી પ્રાઈઝિંગ રોકવી જોઈએ અને બજારમાં બધા માટે સમાન તક એટલે કે 'લેવલ પ્લેઈંગ ફીલ્ડ' નીતિ લાવવી જોઈએ.

૧. G.S.R. 220(E) નોટિફિકેશન: માર્ચ ૨૦૨૦માં દેશમાં કોવિડ-૧૯ મહામારીના કારણે કટોકટી અને લોકડાઉનની સ્થિતિ હતી, ત્યારે સરકારે દર્દીઓ સુધી દવાઓ સરળતાથી પહોંચી શકે તે માટે કામચલાઉ ધોરણે G.S.R. 220(E) નોટિફિકેશન જાહેર કર્યું હતું, જે અંતર્ગત દવાઓની હોમ ડિલિવરી માટે નિયમોમાં છૂટછાટ આપવામાં આવી હતી. કેમિસ્ટોનો આરોપ છે કે મહામારી પૂરી થઈ ગઈ હોવા છતાં સરકારે આ કામચલાઉ છૂટછાટ ચાલુ રાખી છે. આનાથી બજારમાં એવી છટકબારીઓ ઊભી થઈ છે જેનો ગેરફાયદો ઈ-ફાર્મસી અને ક્વિક-કોમર્સ મેડિસિન એપ્સ ઉઠાવી રહી છે. આ છૂટછાટો પ્રિસ્ક્રિપ્શન દવાના વેચાણને નિયંત્રિત કરતા 'ડ્રગ નિયમ ૬૫' હેઠળના સલામતી પગલાંને નબળા પાડે છે.

૨. G.S.R. 817(E) નોટિફિકેશન : બીજો વિવાદનો મુદ્દો G.S.R. 817(E) નો ડ્રાફ્ટ છે. આ ડ્રાફ્ટમાં ઈ-ફાર્મસીઓને નિયંત્રિત કરવા માટે ફરજિયાત નોંધણી, પ્રિસ્ક્રિપ્શન તપાસ, ઓપરેશનલ સેફગાર્ડ્સ (સુરક્ષા ઉપાયો) અને નિયમોના ઉલ્લંઘન બદલ દંડની જોગવાઈઓ પ્રસ્તાવિત કરાઈ હતી. જો કે, સરકારે આ ડ્રાફ્ટનો ઔપચારિક રીતે અમલ પણ ન કર્યો અને તેને પાછો પણ ન ખેંચ્યો. સ્પષ્ટ કાનૂની માળખાના અભાવે ઈ-ફાર્મસીઓ કોઈપણ રોકટોક વિના બિન્ધાસ્ત કામ કરી રહી છે, જેનો કેમિસ્ટો વિરોધ કરી રહ્યા છે અને તેને રદ કરવાની માંગ કરી રહ્યા છે.

તાજેતરમાં કેમિસ્ટ એસોસિયેશનના સભ્યોએ કેન્દ્રીય દવા નિયમનકારના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. અધિકારીઓએ ખાતરી આપી છે કે આ મુદ્દો હાલમાં આરોગ્ય મંત્રાલયની સમીક્ષા હેઠળ છે. જો કે, છેલ્લા કેટલાક વર્ષોથી માત્ર ઠાલા આશ્વાસનો મળતા હોવાથી કેમિસ્ટો સંતુષ્ટ નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આ અંગે મેમોરેન્ડમ સુપરત કરાયું છે.

કેમિસ્ટોએ ચેતવણી આપી છે કે જો સરકાર યોગ્ય પગલાં નહીં લે તો આંદોલન વધુ ઉગ્ર બનશે. ૨૦ મેના રોજ યોજાનારી આ હડતાળથી નાના શહેરો અને અર્ધ-શહેરી વિસ્તારોમાં નિયમિત દવા ખરીદી પર થોડી અસર પડી શકે છે કારણ કે ત્યાં સ્થાનિક ફાર્મસીઓ જ મુખ્ય સ્રોત છે. જો કે, એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે ઈમરજન્સી દવાઓ તમામ જગ્યાએ ઉપલબ્ધ રહેશે.

બીજી તરફ, પશ્ચિમ બંગાળ, કેરળ, મહારાષ્ટ્ર, પંજાબ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશ સહિત દેશના ઓછામાં ઓછા ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રિટેલ ફાર્મસી એસોસિએશનોએ 'જાહેર હિત' અને દર્દીઓ સુધી દવાઓની અવિરત પહોંચ જાળવી રાખવા માટે આ હડતાળથી દૂર રહેવાનો નિર્ણય કર્યો છે.

ઘણાં સંગઠનો હડતાળમાં ન જોડાવાના હોવાથી ૨૦ મેના રોજ દવા પુરવઠા પરની અસર મર્યાદિત રહેવાની સંભાવના છે.

### પેટ્રોલ-ડીઝલના ભાવ મુદ્દે રાહુલ ગાંધીનો કેન્દ્ર પર પ્રહાર

# જિંદગીમાં જોયું નહીં હોય તેવું આર્થિક તોફાન આવશે

## આ આર્થિક ફટકો દેશના મોટા ઉદ્યોગપતિઓ અદાણી અને અંબાણીને નહીં લાગે કે ન તો પીએમ મોદીને આનાથી કોઈ ફરક પડવાનો છે

નવી દિલ્હી,તા.૧૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે ઉત્તર પ્રદેશના રાયબરેલીની મુલાકાતે પહોંચ્યા છે. 'બડા મંગલ'ના ખાસ પ્રસંગે તેમણે ચુરુઆ હનુમાન મંદિરમાં પૂજા-અર્ચના કરી બજરંગબલીના દર્શન કર્યા હતા. આ દરમિયાન જ્યારે પત્રકારોએ તેમને અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી સાથેના ગઠબંધન વિશે સવાલ કર્યો, ત્યારે તેમણે સીધો જવાબ આપવાનું ટાળ્યું હતું. રાહુલ ગાંધીએ જણાવ્યું કે તેઓ અત્યારે મુખ્ય મુદ્દા પરથી ભટકવા નથી માંગતા અને આ સમયે દેશમાં પેટ્રોલ-ડીઝલની વધતી કિંમતો જ સૌથી મોટો અને ગંભીર મુદ્દો છે.

દેશમાં પેટ્રોલ અને ડીઝલના સતત વધતા ભાવને લઈને રાહુલ ગાંધીએ ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. દેશની વર્તમાન પરિસ્થિતિ અંગે તેમણે સીધા પીએમ મોદીની કાર્યશૈલી પર સવાલો ઉઠાવ્યા હતા.

તેમણે કટાક્ષ કરતા જણાવ્યું કે, 'આજે જ્યારે દેશ અને દુનિયા સામે આટલો મુશ્કેલ સમય આવી રહ્યો છે, ત્યારે આપણા પીએમ મોદી આખી દુનિયાના લોકોને કહી રહ્યા છે કે તમે બહાર ન જાઓ, પરંતુ તેઓ ક્યારેક વિમાન લઈને નોર્વે ચાલ્યા જાય છે, તો ક્યારેક જાપાન કે અન્ય કોઈ જગ્યાએ જતા રહે છે.'

રાહુલ ગાંધીએ સરકાર પર ગંભીર આક્ષેપ લગાવતા કહ્યું કે, 'સરકારની ખોટી નીતિઓના કારણે આગામી દિવસોમાં દેશની સામે ઘણો કપરો સમય આવવાનો છે.' સરકાર અને દેશના મોટા ઉદ્યોગપતિઓની સાંઠગાંઠ પર નિશાન સાધતા તેમણે ઉમેર્યું કે, 'દેશમાં જે આ મોટો આર્થિક આંચકો આવી રહ્યો છે, તેની અસર ઉપર બેઠેલા લોકો પર બિલકુલ નહીં થાય.'

તેમણે વધુમાં કહ્યું કે, આ આર્થિક ફટકો દેશના મોટા ઉદ્યોગપતિઓ અદાણી અને અંબાણીને નહીં લાગે કે ન તો પીએમ મોદીને આનાથી કોઈ ફરક પડવાનો છે, કારણ કે તેઓ તો આરામથી પોતાના મહેલોમાં બેઠા રહેશે. આ ખોટી નીતિઓનો હિન્દુસ્તાનના મજૂરો, યુવાનો અને નાના વેપારીઓને સહન કરવો પડશે.

### નોર્વેની પત્રકારનો વીડિયો વાઇરલ થયો

# વિદેશી મીડિયાના સવાલ બાદ વિદેશ મંત્રાલય ભડક્યું

## યુનાઇટેડ આરબ એમિરેટ્સ, નેધરલેન્ડ અને સ્વીડનની મુલાકાત લીધા બાદ નોર્વે તેમનો ચોથો પડાવ છે અને આ પછી તેઓ ઇટાલી જવાના છે

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યુરોપ પ્રવાસ દરમિયાન નોર્વેમાં યોજાયેલા એક પ્રેસ કાર્યક્રમ બાદ સવાલ-જવાબને લઈને રાજકીય અને મીડિયા જગતમાં ભારે ગરમાવો આવી ગયો છે. આ કાર્યક્રમમાં પીએમ મોદીએ નોર્વેના પીએમ સાથે એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી, પરંતુ મીડિયાના સવાલોના જવાબ આપ્યા ન હતા. આ ઘટના બાદ યોજાયેલી ભારતીય વિદેશ મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સમાં નોર્વેના એક મહિલા પત્રકારે ભારતમાં માનવાધિકાર અને પ્રેસની સ્વતંત્રતાને લઈને ખૂબ જ આક્રમક સવાલો પૂછ્યા હતા. આ સવાલો સામે વિદેશ મંત્રાલયના પશ્ચિમી મામલાના સચિવ સિબી જ્યોર્જે કડક શબ્દોમાં ભારતનો પક્ષ રજૂ કરીને સણસણતો જવાબ આપ્યો હતો. નોંધનીય છે કે પીએમ મોદી હાલ પાંચ દેશોના પ્રવાસે છે, જેમાં યુનાઈટેડ આરબ એમિરેટ્સ, નેધરલેન્ડ અને સ્વીડનની મુલાકાત લીધા બાદ નોર્વે તેમનો ચોથો પડાવ છે અને આ પછી તેઓ ઈટાલી જવાના છે.

નોર્વેના પત્રકાર હેલે લિંગે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં પીએમ મોદી સંયુક્ત નિવેદન આપ્યા બાદ ત્યાંથી બહાર જતા જોવા મળે છે. આ વીડિયોમાં એક મહિલાનો અવાજ સંભળાય છે, જે પૂછે છે કે 'દુનિયાના સૌથી સ્વતંત્ર પ્રેસના સવાલોના જવાબ કેમ લેવામાં નથી આવી રહ્યા?'

એટલું જ નહીં, બાદમાં તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું કે, 'નોર્વે પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ (પ્રેસ સ્વતંત્રતા સૂચકાંક)માં પ્રથમ ક્રમે છે જ્યારે ભારત ૧૫૭મા ક્રમે છે. સરકારોને સવાલ પૂછવા એ જ પત્રકારોની મુખ્ય જવાબદારી છે.'

વિદેશ મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સમાં ઉગ્ર ચર્ચા

આ ઘટના પછી યોજાયેલી વિદેશ મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સમાં પણ એ જ મહિલા પત્રકાર હાજર રહ્યાં હતાં. તેમણ

સિબી જ્યોર્જને સવાલો કર્યા કે 'દુનિયા ભારત પર કેમ ભરોસો કરે, શું ભારતમાં માનવાધિકાર ઉલ્લંઘન બંધ થશે અને શું પીએમ મોદી ભારતીય મીડિયાના અઘરા સવાલોના જવાબો આપશે?'

આ સવાલો બાદ સિબી જ્યોર્જે ભારતનો પક્ષ મજબૂતીથી રજૂ કર્યો હતો. તેમણે આક્રમક અંદાજમાં કહ્યું કે 'ભારત માત્ર એક દેશ નથી, પણ પાંચ હજાર વર્ષ જૂની અવિરત વહેતી સભ્યતા છે, જે પોતાની વસ્તી, સરકાર અને સંપ્રભુતા સાથે દુનિયામાં અડીખમ ઊભી છે.'

તેમણે કોરોના મહામારીનું ઉદાહરણ આપતા ઉમેર્યું કે 'એ કપરા સમયમાં પણ ભારતે દુનિયાથી અલગ થવાને બદલે જરૂરિયાતમંદ દેશોની મદદ કરી હતી અને આ જ સેવાભાવ વૈશ્વિક સ્તરે ભારત પરનો ભરોસો મજબૂત કરે છે.'

આ દરમિયાન પત્રકાર સતત વચ્ચે બોલીને અટકાવતી હોવાથી સિબી જ્યોર્જ નારાજ થયા હતા અને તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'કૃપા કરીને મને વચ્ચે ન ટોકો. તમે સવાલ પૂછ્યો છે તો મને જવાબ આપવા દો. સવાલ પૂછનારી વ્યક્તિ એ નક્કી ન કરી શકે કે જવાબ કઈ રીતે આપવો, મારા દેશનો પક્ષ કઈ શૈલીમાં રજૂ કરવો એનો મને અધિકાર છે.'

માનવાધિકારોના મુદ્દે ભારતીય સચિવે સણસણતો જવાબ આપતા કહ્યું કે 'ભારત દુનિયાની કુલ વસ્તીનો છઠ્ઠો ભાગ છે, પરંતુ તે દુનિયાની સમસ્યાઓનો છઠ્ઠો ભાગ નથી. ભારતનું બંધારણ દરેક નાગરિકને મૌલિક અધિકારો આપે છે અને દેશમાં મહિલાઓને સમાન દરજ્જો મળેલો છે.

ભારતે ૧૯૪૭માં આઝાદીની સાથે જ મહિલાઓને મતદાનનો અધિકાર આપી દીધો હતો, જ્યારે દુનિયાના ઘણાં દેશોમાં આ અધિકાર દાયકાઓ પછી મળ્યો હતો.'

તેમણે સ્પષ્ટ કર્યું કે, 'અમે સમાનતા અને માનવાધિકારમાં વિશ્વાસ રાખીએ છીએ અને જો કોઈના અધિકારોનું ઉલ્લંઘન થાય તો તેને કોર્ટ જવાનો સંપૂર્ણ અધિકાર છે. અમને અમારા લોકશાહી દેશ પર ગર્વ છે.'

સિબી જ્યોર્જે વધુમાં જણાવ્યું કે, 'અનેક લોકો ભારતની મીડિયા વ્યવસ્થાના વિશાળ કદ અને જટિલતાને સમજ્યા વિના જ ટિપ્પણીઓ કરવા લાગે છે. માત્ર દિલ્હીમાં જ સેંકડો ન્યૂઝ ચેનલો જુદી-જુદી ભાષામાં સતત કામ કરી રહી છે. કેટલાક દ્વેષના અહેવાલો વાંચીને લોકો ભારતની વાસ્તવિકતા જાણ્યા વિના સવાલો ઉઠાવે છે.'

આ દરમિયાન એક પત્રકારે પૂછ્યું કે 'પીએમ પોતે મીડિયાના સવાલો કેમ નથી લેતા?' ત્યારે સિબી જ્યોર્જે જવાબ આપ્યો હતો કે, 'આ વિદેશ પ્રવાસ દરમિયાન મીડિયાને તમામ જરૂરી માહિતી આપવાની જવાબદારી વિદેશ મંત્રાલયની છે અને તેઓ તે કામ ખૂબ જ જવાબદારીપૂર્વક સતત કરી રહ્યા છે.'

આ સમગ્ર વિવાદ સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થયા બાદ નોર્વેના પત્રકાર હેલે લિંગે વધુ એક પોસ્ટ શેર કરીને સ્પષ્ટતા કરી હતી. તેમણે લખ્યું કે 'હું કોઈ વિદેશી સરકારની જાસૂસ નથી. મને ક્યારેય એવું લાગ્યું ન હતું કે મારે મારા દેશમાં જ આવી કોઈ સ્પષ્ટતા કરવી પડશે, હું નોર્વેમાં પ્રોફેશનલ પત્રકાર તરીકે કામ કરું છું અને મેં માત્ર પોતાના વ્યવસાયના ભાગરૂપે જ આ સવાલો પૂછ્યા હતા.

### ટેસ્ટ અને વન-ડે ટીમમાં મળીને કુલ ૪ નવા ખેલાડીઓને તક અપાઈ

# અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ, વન-ડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયા જાહેર

## વન-ડે અને ટેસ્ટ બંને ટીમની કેપ્ટનશિપ શુભમન ગિલને સોંપાઈ છે

નવી દિલ્હી,તા.૧૯

અફઘાનિસ્તાન સામેની આગામી ટેસ્ટ અને વન-ડે સિરીઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. પસંદગીકારોએ આ વખતે અનુભવી અને યુવા ખેલાડીઓ વચ્ચે સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે. વન-ડે અને ટેસ્ટ બંને ટીમની કેપ્ટનશિપ શુભમન ગિલને સોંપાઈ છે.

ટેસ્ટ અને વન-ડે ટીમમાં મળીને કુલ ૪ નવા ખેલાડીઓને તક અપાઈ છે. તેમાં એવા ખેલાડીઓ પણ સામેલ છે જેમનું આઈપીએલમાં પ્રદર્શન શાનદાર રહ્યું હતું. અફઘાનિસ્તાન સામેની આ સિરીઝમાં કુલ ૪ નવા ચહેરાને તક મળી છે, જેમાં માનવ સુથાર, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે અને પ્રિન્સ યાદવ સામેલ છે. હર્ષ દુબે અને ગુરનૂર બ્રારનો ટેસ્ટ અને વન-ડે બંને ટીમમાં સમાવેશ કરાયો છે, જ્યારે પ્રિન્સ યાદવ માત્ર વન-ડે ટીમમાં છે.

રિષભ પંતને વન-ડે સ્ક્વોડમાં સ્થાન મળ્યું નથી. રોહિત શર્મા અને હાર્દિક પંડ્યા ફિટનેસ ક્લિયર થયા બાદ વન-ડે સિરીઝમાં હશે. કે. એલ. રાહુલ જ વન-ડે સિરીઝમાં વિકેટ કીપિંગની જવાબદારી સંભાળશે. ટેસ્ટ અને વન-ડે બંને સિરીઝ માટે શુભમન ગિલ કેપ્ટનશિપ કરી રહ્યો છે.

ટેસ્ટમાં કેએ. એલ. રાહુલ વાઈસ કેપ્ટન રહેશે, જ્યારે રિષભ પંત પાસેથી વાઈસ કેપ્ટન પદ છીનવાઈ ગયું છે. યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન અને દેવદત્ત પડિક્કલ જેવા બેટ્સમેનો પર મોટી જવાબદારી રહેશે. વિકેટ કીપિંગની જવાબદારી રિષભ પંત અને ધ્રુવ જુરેલ સંભાળશે. ટેસ્ટમાં બોલિંગમાં મોહમ્મદ સિરાજ, પ્રસિધ કૃષ્ણા અને કુલદીપ યાદવ અનુભવી વિકલ્પો હશે, જ્યારે યુવા ખેલાડીઓને પણ પોતાની જાતને સાબિત કરવાની તક મળશે.

અફઘાનિસ્તાન સામે ભારતની ટેસ્ટ સ્ક્વોડઃ શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), સાઈ સુદર્શન, ઋષભ પંત (વિકેટ કીપર), દેવદત્ત પડિક્કલ, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા, માનવ સુથાર, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે, ધ્રુવ જુરેલ (વિકેટ કીપર).

અફઘાનિસ્તાન પ્રવાસ માટે ભારતની વન-ડે સ્ક્વોડ : શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કેએલ રાહુલ (વિકેટ કીપર), ઈશાન કિશન (વિકેટ કીપર), હાર્દિક પંડ્યા, નીતીશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ, પ્રસિદ્ધ કૃષ્ણા, ગુરનૂર બ્રાર, હર્ષ દુબે.

અફઘાનિસ્તાનનો ભારત પ્રવાસ (હોમ સિરીઝ)

૬ થી ૧૦ જૂનઃ એકમાત્ર ટેસ્ટ, મુલ્લાંપુર (ન્યૂ ચંદીગઢ)
૧૪ જૂનઃ પ્રથમ વનડે, ધર્મશાલા
૧૭ જૂનઃ બીજી વનડે, લખનઉ
૨૦ જૂનઃ ત્રીજી વનડે, ચેન્નઈ

### યુનિયને કરી જાહેરાત

# નવી દિલ્હીમાં ઓટો અને ટેક્સી ચાલકો દ્વારા ત્રણ દિવસીય હડતાળ

## અનેક ડ્રાઈવરોને દૈનિક આવકમાંથી વાહન લોન, જાળવણી ખર્ચ અને પરિવારનું ગુજરાન ચલાવવામાં તકલીફ પડી રહી હોવાનું પણ જણાવાયું છે

નવી દિલ્હી,તા.૧૯

નવી દિલ્હીમાં ઓટો અને ટેક્સી ચાલકો દ્વારા ત્રણ દિવસીય હડતાળની જાહેરાત કરવામાં આવતા મુસાફરોની મુશ્કેલીઓ વધી શકે છે. ઓટો-ટેક્સી યુનિયને ૨૧ મેથી ૨૩ મે સુધી હડતાળ રાખવાનો નિર્ણય જાહેર કર્યો છે. યુનિયનના જણાવ્યા મુજબ વધતા ઈંધણના ભાવ, વાહન જાળવણી ખર્ચ અને રોજિંદા ખર્ચમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને ભાડામાં વધારો કરવાની લાંબા સમયથી માગ કરવામાં આવી રહી હતી, પરંતુ સરકાર તરફથી કોઈ સકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી.

યુનિયનના નેતાઓએ જણાવ્યું કે છેલ્લા કેટલાક મહિનાઓમાં સીએનજી, પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો થતાં ડ્રાઈવરો પર આર્થિક બોજ વધી ગયો છે. હાલના ભાડા દર મુજબ કમાણી કરવી મુશ્કેલ બની રહી છે. અનેક ડ્રાઈવરોને દૈનિક આવકમાંથી વાહન લોન, જાળવણી ખર્ચ અને પરિવારનું ગુજરાન ચલાવવામાં તકલીફ પડી રહી હોવાનું પણ જણાવાયું છે.

આ હડતાળ દરમિયાન દિલ્હીમાં હજારો ઓટો રિક્ષા અને ટેક્સી રસ્તાઓ પરથી ગાયબ રહેવાની શક્યતા છે. જેના કારણે ઓફિસ જતાં લોકો, વિદ્યાર્થીઓ અને એરપોર્ટ અથવા રેલવે સ્ટેશન તરફ જતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. ખાસ કરીને પીક અવર્સ દરમિયાન જાહેર પરિવહન પર વધારાનો ભાર જોવા મળી શકે છે.

યુનિયને સરકારને ચેતવણી આપી છે કે જો તેમની માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. બીજી તરફ દિલ્હી સરકાર તરફથી હજી સુધી કોઈ સત્તાવાર પ્રતિસાદ સામે આવ્યો નથી. મુસાફરોને આગામી ત્રણ દિવસ માટે વિકલ્પિક પરિવહનની વ્યવસ્થા રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

### છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો

# છત્તીસગઢમાં હવે ભયનો માહોલ ખત્મ, બસ્તર હવે નક્સલ મુક્ત : અમિત શાહ

## જંગલમાંથી મળતા વનઉત્પાદનોનો સીધો લાભ આદિવાસીઓ સુધી પહોંચાડવા માટે ખાસ આયોજન કરવામાં આવશે

છત્તીસગઢ,તા.૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે છત્તીસગઢમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન મોટો દાવો કરતા જણાવ્યું કે બસ્તર સહિત સમગ્ર દેશમાં નક્સલવાદનો લગભગ સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. તેમણે કહ્યું કે એક સમય એવો હતો જ્યારે બસ્તર જિલ્લો નક્સલીઓથી સૌથી વધુ પ્રભાવિત વિસ્તાર માનવામાં આવતો હતો, પરંતુ હવે અહીંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ કરવામાં સફળતા મળી છે. રાજ્યમાં હવે ભયનું વાતાવરણ સમાપ્ત થયું હોવાનું પણ તેમણે જણાવ્યું.

અમિત શાહે કહ્યું કે નક્સલવાદ ખતમ થયા બાદ તેઓ પ્રથમ વખત બસ્તર આવ્યા છે અને હવે અહીં વિકાસના નવા યુગની શરૂઆત થઈ રહી છે. તેમણે જણાવ્યું કે છત્તીસગઢમાં વિકાસ ન થવાનું મુખ્ય કારણ નક્સલવાદ હતું. ૧૯ મે ૨૦૨૬ની તારીખને ઐતિહાસિક ગણાવતા તેમણે કહ્યું કે હવે બસ્તરના આદિવાસી વિસ્તારોમાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવામાં આવશે.

ગૃહમંત્રીએ જાહેરાત કરી કે બસ્તરના દરેક આદિવાસી પરિવારને એક ગાય અને એક ભેંસ આપવામાં આવશે. સાથે જ બસ્તર વિસ્તારમાં મોટું ડેરી નેટવર્ક ઉભું કરવાની યોજના પણ સરકાર બનાવી રહી છે. જંગલમાંથી મળતા વનઉત્પાદનોનો સીધો લાભ આદિવાસીઓ સુધી પહોંચાડવા માટે ખાસ આયોજન કરવામાં આવશે.

આ દરમિયાન તેમણે ભારતીય જનતા પાર્ટી સરકારની કામગીરીની પ્રશંસા કરતા કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું. તેમણે આરોપ લગાવ્યો કે અગાઉની કોંગ્રેસ સરકારે નક્સલવાદના ઉન્મૂલનમાં પૂરતું સહકાર આપ્યો નહોતો.

ડિસેમ્બર ૨૦૨૩માં ભાજપ સરકાર બન્યા બાદ નક્સલવાદ વિરુદ્ધ કાર્યવાહી વધુ તેજ કરવામાં આવી હતી. અમિત શાહે નક્સલમુક્ત ભારત બનાવવામાં સુરક્ષા દળોના યોગદાનની પણ પ્રશંસા કરી અને કહ્યું કે જવાનોના બલિદાનથી જ આ સફળતા શક્ય બની છે. કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાય અને ગૃહમંત્રી વિજય શર્મા પણ હાજર રહ્યા હતા.

### ગાઝાનો ઘણો હિસ્સો ઈઝરાયેલના નિયંત્રણ હેઠળ

# ૩ વર્ષમાં ઈઝરાયેલી સેનાએ મુસ્લિમ દેશોની ૧૦૦૦ ચોરસ કિમી જમીન પર કર્યો કબજો

## ઈઝરાયેલી સેનાએ માઉન્ટ હર્મોનથી લઈને દક્ષિણ સીરિયા સુધીના આશરે ૨૩૩ ચોરસ કિમી વિસ્તારમાં પકડ મજબૂત કરી છે અને દેશની અંદર ૫૦ કિમી સુધીના સૈન્ય ઓપરેશનો કર્યા

નવી દિલ્હી,તા.૧૯

મિડલ ઈસ્ટ (મધ્ય પૂર્વ)માં ચાલી રહેલો તણાવ હવે ભૌગોલિક સરહદો બદલી રહ્યો છે. ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસના હુમલા બાદ ઈઝરાયેલે પોતાની સૈન્ય વ્યૂહરચના સંપૂર્ણપણે બદલી નાખી છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સરકાર હવે અત્યંત આક્રમક વલણ અપનાવી રહી છે. 'ફાઈનાન્સિયલ ટાઈમ્સ'ના એક અહેવાલ અનુસાર, છેલ્લા આશરે ત્રણ વર્ષમાં ઈઝરાયેલે ગાઝા, લેબનાન અને સીરિયાની લગભગ ૧,૦૦૦ ચોરસ કિમી જમીન પર પોતાનો અંકુશ મેળવી લીધો છે. આ વિસ્તાર ઈઝરાયેલની ૧૯૪૯ની સરહદોના લગભગ ૫ ટકા જેટલો થાય છે, જેના કારણે હવે મિડલ ઈસ્ટમાં 'ગ્રેટર ઈઝરાયેલ'ને લઈને ચર્ચા અને વિવાદો તેજ બન્યા છે.

ઈઝરાયેલે કબજે કરેલી જમીનનો સૌથી મોટો હિસ્સો દક્ષિણ લેબનાનમાં છે, જ્યાં સેના સરહદથી ઘણા કિલોમીટર અંદર સુધી પહોંચી ગઈ છે. ઈઝરાયેલ આ વિસ્તારને 'સિક્યોરિટી ઝોન' ગણાવી રહ્યું છે, જેથી હિઝબુલ્લાહને સરહદ નજીક હુમલા કરતા રોકી શકાય. સંરક્ષણ પ્રધાન ઈઝરાયેલ કાત્ઝે સ્પષ્ટ કર્યું છે કે સેના લિતાની નદી સુધીના વિસ્તાર પર પોતાનું નિયંત્રણ જાળવી રાખવા માંગે છે.

બીજી તરફ, ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી સેના હવે અડધાથી વધુ હિસ્સા પર કબજો જમાવી ચૂકી છે. ત્યાં ઈઝરાયેલે એક વધારાનો બફર ઝોન પણ બનાવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ સૈન્ય કાર્યવાહીના કારણે ગાઝાની લગભગ ૨૦ લાખની વસ્તી હવે માત્ર ૪૦ ટકા વિસ્તારમાં રહેવા મજબૂર બની છે. સરહદ નજીકના અનેક ગામો અને શહેરો સંપૂર્ણપણે ખંડેરમાં ફેરવાઈ ગયા છે. નેતન્યાહુએ સાફ શબ્દોમાં કહી દીધું છે કે ઈઝરાયેલી સેના ગાઝામાંથી પાછી નહીં હટે.

સીરિયામાં બશર અલ-અસદ સરકાર નબળી પડતાં ઈઝરાયેલે ત્યાં પણ પગપેસારો કર્યો છે. ઈઝરાયેલી સેનાએ માઉન્ટ હર્મોનથી લઈને દક્ષિણ સીરિયા સુધીના આશરે ૨૩૩ ચોરસ કિમી વિસ્તારમાં પકડ મજબૂત કરી છે અને દેશની અંદર ૫૦ કિમી સુધીના સૈન્ય ઓપરેશનો કર્યા છે.

ઈઝરાયેલના આ કાયમી સુરક્ષા ઝોન બનાવવાના પગલાથી આરબ દેશોમાં ભારે ફફડાટ છે. તેમને ડર છે કે ઈઝરાયેલનો આ કબજો અસ્થાયી નથી પરંતુ કાયમી સરહદ બની જશે. ઈઝરાયેલના કટ્ટરપંથી નાણા પ્રધાન બેઝલેલ સ્મોટ્રિચે તો લેબનાનની લિતાની નદીને ઈઝરાયેલની નવી સરહદ બનાવવાની માંગ પણ કરી છે. જો કે વિદેશ મંત્રી ગિદોન સાર કહે છે કે તેઓ પ્રાદેશિક વિસ્તરણની કોઈ મહત્વાકાંક્ષા નથી રાખતા, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ઈશારો કરી રહી છે.

### તાલુકાના ગામડાઓના ઉત્કર્ષ અને વિકાસ માટે

# વડિયા ખાતે સેવાકીય પ્રવૃતિના ઉદ્દેશ સાથે ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટની રચના

## તાલુકાના તમામ ગામમાંથી કારોબારી સભ્ય બનાવાયા




વડિયા, તા. ૧૯

અમરેલી જિલ્લાના છેવાડાના ગ્રામીણ ખેતી આધારિત તાલુકા એવા વડિયા કુંકાવાવ તાલુકાના ગામડાઓના ઉત્કર્ષ અને વિકાસ ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ નામની સંસ્થાની રચના કરવામાં આવી છે. વડિયા કુંકાવાવ તાલુકાના જંગર ગામે પ્રેમ નારાયણ બાપુના આશીર્વાદથી સેવાકીય પ્રવૃતીના શુભ ઉદ્દેશથી ટ્રસ્ટની રચના માટે તારીખ ૨૦/૫/૨૦૨૬ને રવિવારના સાંજના સમયે સમગ્ર વડિયા કુંકાવાવ તાલુકાના ગામડાના આગેવાનો અને લોકોની એક મિટિંગ બોલાવવામાં આવી હતી. જેમા પ્રેમ નારાયણ બાપુએ દીપ પ્રાગટ્ય કરીને ઉપસ્થિત લોકોને આશીર્વાદ પાઠવી સમગ્ર તાલુકાના તમામ ગામના પ્રતિનિધિઓને સમાવી સમય દાન સાથે સમગ્ર તાલુકાના ઉત્કર્ષ અને વિકાસ રૂપી સેવાકીય પ્રવૃતીના ઉદ્દેશથી આ સંગઠન બનાવવામાં આવ્યુ છે જે સમગ્ર તાલુકામાં સેવાકીય કાર્યો કરશે આ બાબતે સમગ્ર તાલુકાના ગામડામાંથી આવેલાં લોકો અને આગેવાનોએ પોતાના પ્રતિભાવ આપ્યા હતા અને આવનાર સમયમાં ઉત્કર્ષ ચેરિટેબલ ટ્રસ્ટ વડિયા કુંકાવાવના માધ્યમથી સેવાકીય પ્રવુતિઓ કરી સમગ્ર તાલુકાનો વિકાસ ઝડપી બનાવવા નિર્ધાર કર્યો હતો. આ કાર્યક્રમમાં સાધુ સંતો, સમગ્ર તાલુકાના વિવિધ ગામડાઓમાંથી આગેવાનો સહીત મહિલાઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ટ્રસ્ટની રચનાના ઉદેશો અને હેતુઓ જોતા વડિયા કુંકાવાવ તાલુકાના લોકોના હિતાર્થે કામ થશે તેવુ લાગી રહ્યું છે પરંતુ ટ્રસ્ટ રાજકીય પાર્ટીઓ પ્રેરિત બનીને આવનાર સમયમાં ઉદેશો સાઈડમાં મુકાય ના જાય તે જોવાનું અને તેવુ ના થાય તે બાબતે બિન રાજકીય બનીને ચોક્કસ નીતિ નિયમોને વળગી રહેવાનું કાર્ય પણ આ ટ્રસ્ટ સાથે સંકળાયેલા તમામ લોકોનું રહેશે તો જ તેના મૂળ ઉદેશ સિધ્ધ થઈ શકે હવે આ ટ્રસ્ટ આવનાર સમયમાં કેવી કામગીરી કરે છે તે તો આવનારો સમય જ બતાવશે.

### નવા સુરજદેવળ ધામ ખાતે

# બાબરા : પાલિકાના વોર્ડ નં.3 માં વિજેતા થયેલ ઉમેદવારનું વિશેષ સન્માન થયું

## ઉમેદવાર જયરાજભાઈ બસિયાએ સૌનો આભાર માન્યો



બાબરા, તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના નવા સુરજદેવલ ધામ (દેવસર) મુકામે કાઠી ક્ષત્રિય સમાજ દ્વારા સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં વિજેતા થયેલા સમાજના તમામ પ્રતિનિધિઓનું ભાવભર્યુ અને ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનો, વડીલો અને યુવાનોની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિજેતા સભ્યોને શુભેચ્છાઓ પાઠવી તેમની જાહેરજીવનની જવાબદારી સફળતાપૂર્વક નિભાવવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

આ તકે બાબરા નગરપાલિકાના વોર્ડ નંબર-૩ માંથી પ્રથમવાર સભ્ય તરીકે વિજય પ્રાપ્ત કરનાર જયરાજભાઈ બસિયાનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજ દ્વારા ફૂલહાર અને શુભેચ્છા સાથે તેમનું સ્વાગત કરવામાં આવતા કાર્યક્રમમાં ઉત્સાહભર્યો માહોલ સર્જાયો હતો.

સમાજના વડીલોએ જણાવ્યું હતું કે યુવા પેઢી જાહેર જીવનમાં આગળ આવી સમાજ અને વિસ્તારના વિકાસ માટે કાર્ય કરે તે ગૌરવની બાબત છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાજના પ્રતિનિધિઓની સફળતા સમગ્ર કાઠી ક્ષત્રિય સમાજ માટે ગૌરવની ક્ષણ સમાન હોવાનું પણ આગેવાનોએ ઉમેર્યુ હતું.

અંતમાં જયરાજભાઈ બસિયા અને તેમના પરિવારજનોએ નવા સુરજદેવલ ધામના આયોજક મંડળ, સંચાલન સમિતિ, સમાજના વડીલો, આગેવાનો તથા ઉપસ્થિત સૌ ભાઈઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

# લીલીયામોટા : પ્રગતિ સેવિંગ્સ એન્ડ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટીની ૨૧મી વાર્ષિક સામાન્ય સભા મળી



લીલીયા, તા. ૧૯

લીલીયા મોટાની પ્રગતિ સેવિંગ એન્ડ ક્રેડિટ કો.ઓ. સોસાયટીનાં ૨૧ વર્ષ પૂર્ણ થયા દરમિયાન મંડળીનાં સભાસદોનો વિશ્વાસ જીતીને પ્રગતિએ મજબૂત વિકાસ કર્યો છે જે અંગે પ્રગતિ સેવિંગ એન્ડ ક્રેડિટનાં વાઈસ ચેરમેન પ્રકાશભાઈ વિરાણીએ કરી હતી સાથે સાથે પ્રકાશભાઈએ વાર્ષિક અહેવાલનું પણ વાંચન કરી ૧૩% ડિવિડન્ડની આ તકે જાહેરાત કરી અને સાથે સાથે સભાસદ ભેટની વાત કરી હતી. ત્યારબાદ સંસ્થાનાં ચેરમેન ભાવેશ રાદડિયાએ સહકારથી સમૃદ્ધિની વાત કરી સંસ્થા ખૂબ જ મજબૂત પ્રગતિ કરતી હોય ૨% લોન પર વ્યાજ ઘટાડાની જાહેરાત આ તકે કરવામાં આવી હતી. જયારે સંસ્થા જુદા જુદા દરેક માધ્યમમાં કેમ આગળ વધી શકાય તેની રૂપરેખા પણ આપી હતી.આ તકે સંસ્થાનાં ડાયરેકટર ભુપતભાઈ ધામતએ સ્વાગત પ્રવચન અને ડિરેકટર વિપુલભાઈ દુધાતે આભાર વિધિ કરી હતી. બોર્ડ ઓફ ડિરેકટરોની ઉપસ્થિતિ સાથે વિશાળ સંખ્યામાં સભાસદઓએ અંટાળેશ્વર મહાદેવનાં પ્રાંગણમાં સામાન્ય સભાની સાથે સાથે એક નાનકડી ધર્મ યાત્રા થઈ એવો અહેસાસ સભાસદો તેમજ મહેમાનોએ વ્યક્ત કર્યો હતો. તેમ સંસ્થાના મેનેજર ભદ્રેશ રાદડિયાએ માહિતી આપી હતી. કાર્યક્રમ પૂર્ણ થયે સભાસદો તેમજ મહેમાનો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવેલ હતી.

### ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા

# લાઠીનાં રાભડા ખાતે તળાવ રીસ્ટોરેશનનું ખાતમુર્હૂત થયુ

## સ્થાનિક ખેડૂતોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના રાભડાનાં ખેડૂતો માટે આનંદના સમાચારરૂપે તળાવ રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વિધિવત રીતે કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય અને પાણીના સંગ્રહ ક્ષમતા વધે તે હેતુસર રૂ. ૩૪.૫૧ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. સિંચાઈ યોજનાઓના પુનઃસ્થાપન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ વિકાસને નવી દિશા મળશે. આ તળાવના રીસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે પાણીસંચય અને પાણીના સદુપયોગ માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગામડાં સુધી વિકાસના કાર્યો પહોંચે અને ખેડૂતોને ખેતીમાં સરળતા રહે તે માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ તળાવનું રીસ્ટોરેશન પૂર્ણ થયા બાદ વિસ્તારમાં પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ ભૂગર્ભ જળસ્તર સુધારવામાં પણ મદદ મળશે.

# સાવરકુંડલા ખાતે ''ઉતાવળ હનુમાનજી પાણીના પરબ''નો થયો પ્રારંભ



અમરેલી, તા. ૧૯

સાવરકુંડલાની પવિત્ર ધરતી પર છેલ્લા ચાર દાયકાથી માનવસેવાની અનોખી મિસાલરૂપ બની રહેલું 'ઉતાવળ હનુમાનજી પાણીનું પરબ' આજે સમગ્ર પંથક માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. વર્ષ ૧૯૮૬માં શરૂ થયેલું આ પરબ આજે પણ બારેમાસ, ૩૬૫ દિવસ અને ચોવીસે કલાક અવિરતપણે ઠંડા અને શુદ્ધ પાણીની સેવા આપી રહ્યું છે. ''માનવ સેવા એ જ પ્રભુ સેવા''ના ભાવ સાથે શરૂ થયેલું આ સેવાકાર્ય આજે હજારો લોકો માટે તરસ બુઝાવતું જીવનદાયી કેન્દ્ર બની ગયું છે.


આ પરબની સ્થાપના સેવાભાવી સ્વ. મામૈયાભાઈ રામભાઈ સિંધવ દ્વારા કરવામાં આવી હતી. તેમના દ્વારા વાવાયેલ આ સેવારૂપી વૃક્ષને આજે તેમના પુત્ર અજયભાઈ મામૈયાભાઈ સિંધવ સમર્પણ અને નિષ્ઠાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. કોઈપણ ઋતુ હોય, ઉનાળાની કાળઝાળ ગરમી હોય કે વરસાદી માહોલ આ પાણીનું પરબ ક્યારેય બંધ થતું નથી.

ખાસ કરીને ઉનાળાની ઋતુમાં જયારે સાવરકુંડલામાં તાપમાન ૪૫ થી ૪૬ ડિગ્રી સુધી પહોંચી જાય છે, ત્યારે આ પરબ વટેમાર્ગુઓ માટે જીવદાતા સમાન બને છે. ધોમધખતા તાપમાં તરસથી વ્યાકુળ બનેલા લોકો અહીં આવીને શીતળ જળ પીતા જ રાહતનો દમ લે છે. ઘણા લોકો માટે આ સ્થળ માત્ર પાણી પીવાનું સ્થાન નહીં પરંતુ માનવતાની અનુભૂતિ કરાવતું એક પવિત્ર કેન્દ્ર બની ગયું છે.

ભૌગોલિક રીતે પણ આ પરબ શહેરના મધ્ય ભાગમાં અત્યંત વ્યસ્ત વિસ્તારમાં આવેલું છે. ગુરૂકુળ ,દેવળા ગેટ, કે.કે. હાઈસ્કૂલ, હાથસણી રોડ અને મેઘજી પેથરાજ છાત્રાલય જેવા મહત્વપૂર્ણ માર્ગો નજીક હોવાથી અહીં દિવસ-રાત લોકોની ભારે અવરજવર રહે છે. શાળાથી પરત ફરતા વિદ્યાર્થીઓ, વેપારીઓ, મજૂરો, વૃદ્ધો અને સામાન્ય નાગરિકો અહીં પાણી પીને હાશકારો અનુભવે છે.

સૌથી મહત્વની બાબત એ છે કે અહીં કોઈ જાતિ, જ્ઞાતિ કે ધર્મનો ભેદભાવ રાખવામાં આવતો નથી. સમાજના તમામ વર્ગના લોકો એક સમાન ભાવથી અહીં પાણી પીવે છે. આજના વ્યાપારીકરણના યુગમાં છેલ્લા ૪૦ વર્ષથી નિસ્વાર્થભાવથી ચાલી રહેલી આ જળ સેવા ખરેખર સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની છે. સિંધવ પરિવારની આ અવિરત સેવા બદલ સમગ્ર સાવરકુંડલા પંથકમાં તેમના પ્રત્યે આદર અને કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત થઈ રહ્યો છે.

# ખંભાળાનાં સુખપુર સબ સેન્ટર ગામમાં વિશ્વ ડેન્ગ્યુ દિવસ ઉજવણી



અમરેલી, તા. ૧૯

દર વર્ષે ૧૬મી મેંનાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી મચ્છર જન્ય રોગ અને તાવ વિશે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવે છે. જેને અનુલક્ષીને બાબરા તાલુકાનાં ખંભાળા પીએચસીનાં સુખપુર સબ સેન્ટર વાકિયા લાલકામાં પણ આજે ડેન્ગ્યુ દિવસ ઉજવણી વિસ્તારોમાં પોરાનાશક અને સર્વની કામગીરી તેમજ જાગૃતિ ફેલાવાશે એડીસ મચ્છર ડેન્ગ્યુ માદા એડીસ એજિપ્ટી મચ્છરનાં શરીર પર ચિતા જેવા પટ્ટા હોય છે ડેન્ગ્યુનાં મચ્છર દિવસ દરમિયાન વધુ કરડે છે.

આ મચ્છરો બહું ઊંચે ઊડી શકતા નથી આ મચ્છર એવા પાણીમાં ઈંડા મુકે છે જેમાં પાંદડા અને શેવાળ હોય છે આ મચ્છર ઝીકા વાઈરસ અને પીળો તાવ પણ ફેલાશે છે ડેન્ગ્યુ અટકાવવા માટેની કાળજીઓમા સુતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવો જીલ્લા આરોગ્ય અધિકારીપ, બાબરા તાલુકા અધિકારી, ખંભાળા મેડીકલ ઓફિસર, સુપરવાઈઝરનાં માર્ગદર્શન સુખપુર સબ સેન્ટર કર્મચારી Mphw અશોકભાઈ વાળા, Fhw કાજલબેન, Cho શૈલેષભાઈ બારૈયા તમામ આશા બહેનોઓ દ્વારા કામગીરી હાથ ધરી હતી.

### કોર્ટના આદેશ બાદ પાલા ધારકોએ સ્વૈચ્છિક દબાણ હટાવ્યું

# સાવરકુંડલાની પાલા બજાર દબાણમુકત થયા બાદ રિવરફ્રન્ટની હલચલ તેજ

## તંત્ર દ્વારા ફેન્સિંગની કામગીરી શરૂ, વિસ્થાપિતો માટે વૈકલ્પિક જગ્યાની માંગ




સાવરકુંડલા, તા. ૧૯

સ્થાનિક વહીવટી તંત્ર અને કાયદાના આદેશને માન આપીને સાવરકુંડલા શહેરમાં એક મોટો અને હકારાત્મક બદલાવ જોવા મળ્યો છે. નગરના હાર્દ સમાન રિધ્ધિ સિધ્ધિનાથ ચોકથી લઈને રજકાપીઠ સુધીની પાલા બજારમાં વર્ષોથી રહેલા દબાણો આખરે દૂર કરવામાં આવ્યા છે. કોર્ટના આદેશનું સન્માન કરીને પાલા ધારકોએ પોતે જ સ્વૈચ્છિક રીતે પોતાના પાલા હટાવી લેતા તંત્રનો માર્ગ મોકળો બન્યો હતો. ત્યારબાદ તંત્ર દ્વારા તાકીદે એક્શન મોડમાં આવીને આ વિસ્તારમાં રહેલા પાકા ઓટલા તેમજ અન્ય બિનજરૂરી બાંધકામો પર જેસીબી ફેરવી સંપૂર્ણ વિસ્તાર ખુલ્લો કરવામાં આવ્યો છે.

સોનાની લગડી જેવી જમીન પર રિવરફ્રન્ટની શક્યતા, સુરક્ષા માટે ફેન્સિંગ આ કિંમતી જમીન ફરીથી દબાણનો ભોગ ન બને તે માટે તંત્ર દ્વારા હાલમાં પતરા આડા કરીને આખા વિસ્તારને રક્ષિત (ફેન્સિંગ) કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરીજનોમાં ચર્ચા છે કે, આ ખાલી થયેલી સોનાની લગડી જેવી કરોડોની જમીન પર આગામી સમયમાં મહત્વકાંક્ષી 'રિવરફ્રન્ટ પ્રોજેક્ટ' આકાર લઈ શકે છે. જો કે, બુદ્ધિજીવીઓનું માનવું છે કે માત્ર પતરા લગાવી દેવાથી આ જમીન કાયમ માટે સુરક્ષિત નહીં રહે. આ જગ્યા લોકહિતના કામમાં જ વપરાય તે માટે તંત્રએ કોઈ ઠોસ યોજના બનાવવી પડશે અને તેની સુરક્ષા માટે ચોક્કસ અધિકારીઓની જવાબદારી ફિક્સ કરવી અનિવાર્ય છે.

રોજગાર ગુમાવનારા પાલા ધારકો પ્રત્યે માનવતાવાદી અભિગમની માંગ બીજી તરફ, કાયદાનું પાલન કરીને પોતાના ધંધા-રોજગાર સ્વૈચ્છિક રીતે સમેટી લેનારા નાના પાલા ધારકો હાલ બેરોજગાર બન્યા છે. પરિવારનું ગુજરાન ચલાવતા આ શ્રમિકો પ્રત્યે તંત્ર માનવતાવાદી અભિગમ દાખવે તેવી લોક માંગ ઉઠી છે. શહેરના પ્રબુધ્ધ નાગરિકોમાં ચર્ચા છે કે, આ વિસ્થાપિત પાલા ધારકો ફરીથી પોતાના પગભર થઈ શકે તે માટે તંત્ર દ્વારા વહેલી તકે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા અથવા ચોક્કસ જગ્યા ફાળવવામાં આવે, જેથી કાયદાનું પાલન કરનારા ગરીબ પરિવારો ભૂખમરાનો ભોગ ન બને.

### જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ વ્હીપ જારી કર્યા

# અમરેલી જિલ્લાની ૬ પાલિકાઓનાં સુકાનીઓની વરણી કરવામાં આવી

## આગામી અઢી વર્ષ માટે ૬ શહેરોનાં સુકાનીઓની નિમણૂંક



અમરેલી, તા. ૧૯

અમરેલી : સ્થાનિક સ્વરાજની ચુંટણી અંતર્ગત તાજેતરમાં ચુટાયેલા નગરસેવકોની પ્રથમ બોર્ડ મિટીંગ તા.૧૯/૦૫/૨૦૨૬ના મંગળવારના રોજ નગરપાલિકા મિટીંગ હોલ ખાતે બોલાવવામાં આવી હતી.

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પાર્લામેન્ટરી બોર્ડ તેમજ અમરેલી જીલ્લા ભાજપ સંકલન સમિતિમાં ચર્ચા વિચારણા કર્યા બાદ અમરેલી જીલ્લાની ૬ નગરપાલિકાઓમાં હોદેદારોની નિમણુંક કરવામાં આવી હતી. અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી દ્વારા ભારતીય જનતા પાર્ટીના ચુંટાયેલા ઉમેદવારોને માટે વ્હીપ જારી કરવામાં આવેલ.

તે અંતર્ગત જીલ્લા મથક અમરેલી નગરપાલિકામાં અમરેલી શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ ચોટલિયાની ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપના ઉપપ્રમુખ શરદભાઈ પંડયા તેમજ મંત્રી પી.વી. વસાણીએ મેન્ડેટ બજાવ્યો હતો જેમાં પ્રમુખ પદે વૈશાલીબેન સંદીપકુમાર માંગરોળીયા, ઉપ પ્રમુખ વિરલભાઈ લાભુભાઈ પોપટ, કારોબારી ચેરમેન મેલિકભાઈ જયેશભાઈ ઉપાધ્યાય, પક્ષના નેતા સંગીતાબેન હરેશભાઈ ચાવડા અને દંડક દીલુભાઈ બાબુભાઈ વાળાની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

પ્રથમ વખત બનેલી નગરપાલિકા ધારી ખાતે તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશ કોટડીયાની ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ભૂતૈયા તથા સોશિયલ મીડિયા ઈન્ચાર્જ દિવ્યેશભાઈ વેકરીયા દ્વરા મેન્ડેટ બજાવ્યો હતો જેમાં પ્રમુખ પદે જયદેવભાઈ ચંપુભાઈ બસીયા, ઉપપ્રમુખ પરેશભાઈ ભગુભાઈ પટ્ટણી, કારોબારી ચેરમેન પદે પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ પાંચાભાઈ ભુવા,પક્ષના નેતા મનીષાબેન જીતેન્દ્રભાઈ જયસ્વાલ, દંડક તરીકે જીતેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (જીતુંપાઘડાળ ) સર્વનુંમતે નિમણુક કરવામાં આવી હતી.

બગસરા નગરપાલિકામાં બગસરા શહેર ભાજપ પ્રમુખ જયસુખભાઈ સાદરાણી (ઘનાભાઈ)ની ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ દીપકભાઈ વઘાસિયા તેમજ પ્રભારી બગસરા શહેર ભાજપ પ્રકાશભાઈ કારિયા દ્વારા મેન્ડેટ બજાવ્યો હતો તેમાં પ્રમુખ પદે નિરવભાઈ રમેશભાઈ ગોંડલીયા, ઉપપ્રમુખ વિપુલભાઈ ભગવાનભાઈ પાથર, કારોબારી ચેરમેન ચિરાગભાઈ સુરેશભાઈ પરમાર, પક્ષના નેતા કરણભાઈ નાગભાઈ વાળા તેમજ દંડક સોનલબેન રાજેશભાઈ ઢોલરીયા સર્વનુંમતે નિમણુક કરવામાં આવી હતી.

દામનગર નગરપાલિકામાં શહેર ભાજપ પ્રમુખ નરેશભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મનોજભાઈ મહીડા અને પૂર્વ ઉપપ્રમુખ જીલ્લા ભાજપ જીતુભાઈ ડેર દ્વારા મેન્ડેટ બજાવ્યો હતો જેમાંપ્રમુખ પદે ભાવનાબેન મહિપતગીરી ગેસ્વામી, ઉપપ્રમુખ મીરાબેન મેહુલભાઈ ચૌહાણ, કારોબારી ચેરમેન વિપુલભાઈ નરશીભાઈ બોખા, પક્ષના નેતા બાલુબેન ભુરાભાઈ સાસલા અને દંડક શ્રદ્ધાબા સંજયભાઈ બારડ સર્વનુંમતે નિમણુક કરવામાં આવી હતી.

બાબરા નગરપાલિકામાં શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયાની ઉપસ્થિતિમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા અને જીલ્લા ભાજપ મંત્રી બ્રિજેશભાઈ કુઢંદલે દ્વારા મેન્ડેટ બજાવ્યો હતો જેમાં પ્રમુખ પદે રંજનબેન રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ દીપકભાઈ શુકલ, કારોબારી ચેરમેન ભરતભાઈ બાબુભાઈ રંગપરા, પક્ષના નેતા શિવરાજભાઈ એભાલભાઈ ખાદા તેમજ દંડક મનીષાબેન પરેશભાઈ સરવૈયા સર્વનુંમતે નિમણુક કરવામાં આવી હતી.

# દુધાળા પશુઓની આહાર વિષયક સૂચિ



અમરેલી, તા. ૧૯

શરીરના નિભાવ માટે ગાયને એક કિલો તથા ભેંસને બે કિલો સમતોલ દાણ આપવું જોઈએ. પાંચ માસની ગાભણ અવસ્થા પછી દૈનિક એકથી દોઢ કિલો વધારાનું દાણ આપવું જોઈએ. પશુને ખોરાકમાં નિયમિત ત્રીસ ગ્રામ જેટલું ક્ષાર મિશ્રણ અને ૨૫ ગ્રામ મીઠું આપવું જોઈએ. દુધાળા પશુને સામાન્ય રીતે દૈનિક ૨૦ કિલો લીલોચારો તથા આઠ થી દશ કિલો સૂકોચારો આપવો જોઈએ. કઠોળ વર્ગમાં રજકા જેવો ઘાસચારો, પૂરતા પ્રમાણમાં આપવાથી, દુધ ઉત્પાદન ઘટાડ્યા સિવાય, ખાણદાણનો ખર્ચ ઘટાડી શકાય છે. ધાન્ય વર્ગના ચારા જેવા કે મકાઈ, જુવાર, ઓટ, બાજરી, સેઢા-પાળાના ઘાસ છે. જયારે કઠોળ વર્ગના ચારા જેવા કે રજકો, ગુવાર, ચોળા, બરસીમ અને દશરથ ઘાસ છે. ફકત લીલાચારામાં જ વિટામીન ''એ'' તથા અન્ય વિટામીન્સ હોઈ પ્રજનન પ્રક્રિયા નિયમિત બને છે અને નિયમિત વિયાણ થાય છે. પશુઓમાં વરોળપણું અને રતાંધળાપણું અટકાવી શકાય છે. ક્ષાર અને પોષક તત્વ પ્રમાણસર હોવાથી તંદુરસ્તી અને ઉત્પાદન જાળવી શકાય છે. પશુને હંમેશા જિલ્લા સંઘ દ્વારા બનાવાતું સમતોલ દાણ આપો. આ દાણ પશુને જરૂરી બધા પોષક તત્વો ધરાવતું હોય છે તથા સસ્તું હોય છે.

**- મિતલ ખેતાણી**

**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સાવરકુંડલા તાલુકામાં ધારાસભ્ય કસવાલાનાં હસ્તે રૂપિયા ૨.૯૫ કરોડનાં વિવિધ વિકાસ કાર્યોનાં ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કાર્યક્રમો યોજાયા






સાવરકુંડલા તાલુકાનાં વિવિધ ગામોમાં વિકાસલક્ષી કાર્યોનાં લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ અને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ થાય તે દિશામાં મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા હતા. દેતડ ગામે રૂપિયા ૨૫ લાખનાં ખર્ચે નિર્માણ પામેલી નવી ગ્રામ પંચાયત કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવી કચેરીથી ગામનાં નાગરિકોને વધુ સુવિધા જનક અને સુવ્યવસ્થિત વહીવટી સેવા ઉપલબ્ધ બનશે. ખોડીયાનાં ગામે રૂપિયા ૧ કરોડ ૨૦ લાખનાં ખર્ચે બનનાર ખોડીયાળા–બગોયા નોન પ્લાન રોડ (સીસી રોડ તેમજ નાળા) ના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગ બનતા સ્થાનિક લોકોને અવરજવર માટે વધુ સુવિધા મળશે તેમજ વરસાદી પાણીનાં નિકાલની સમસ્યામાં પણ રાહત મળશે. આ ઉપરાંત ધજડી ગામે રૂપિયા ૧ કરોડ ૨૦ લાખનાં ખર્ચે બનેલા બોઘરયાણી માઈનોર બ્રિજ, પ્રોટેકશન વોલ તેમજ સીસી રોડનાં કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસ કાર્યો ગ્રામજનો માટે સલામત અને સરળ વાહન વ્યવહાર સાથે ગામનાં વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત આગેવાનો દ્વારા રાજય સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા ગામડાઓમાં કરવામાં આવી રહેલા વિકાસ કાર્યોને ગ્રામ વિકાસ માટે મહત્વપૂર્ણ ગણાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, ગ્રામજનો, કાર્યકર્તાઓ તથા અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ પદે નયનાબેન

પહોંચાડવા અને રોડ–રસ્તા, પાણી, લાઈટ જેવી આંતરમાળખાકીય સુવિધાઓ વધુ મજબૂત કરવી એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે.''

નવનિયુકત પ્રમુખ નયનાબેન કાપડીયા અને ઉપપ્રમુખ નૂતનબેન તન્ના સહિતની સમગ્ર ટીમે પક્ષના મોવડી મંડળ, ધારાસભ્ય અને જનતાનો આભાર વ્યકત કરી નગરની જનસુખાકારી માટે વરેલા રહેવાનો દ્રઢ સંકલ્પ જાહેર કર્યો હતો. વરણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ ઉપસ્થિત અગ્રણીઓ અને કાર્યકર્તાઓએ નવી ટીમને પુષ્પગુચ્છ અર્પણ કરી, મોં મીઠું કરાવી અને ફટાકડા ફોડીને ઉત્સાહભેર વિજયોત્સવ મનાવ્યો હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## ધારી : નગરપાલિકાનાં પ્રમુખ પદે જયદીપભાઈ

આ ઉપરાંત દંડક તરીકે જીતુભાઈ વિઠ્ઠલભાઈ પાઘડાળ અને શાસક પક્ષના વડા તરીકે મનિષાબેન જીતેન્દ્રભાઈ જયસ્વાલની નિમણૂક કરવામાં આવી છે. ભાજપના કાર્યકરો અને આગેવાનો દ્વારા નવી ટીમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

નવી બોડી દ્વારા શહેરના વિકાસ, સ્વચ્છતા, પીવાના પાણી, રસ્તા અને નાગરિક સુવિધાઓના પ્રશ્નોને પ્રાથમિકતા આપવામાં આવશે તેવી ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી પાલિકાના પ્રમુખપદે વૈશાલીબેન

સર્વાંગી વિકાસ, સ્વચ્છતા, પીવાનાં પાણી, માર્ગ–ગટર સહિત નાગરિક સુવિધાઓને પ્રાથમિકતા આપવાની વાત કરી હતી.ઉપપ્રમુખ તરીકે પસંદ થયેલા વિરલ પોપટે શહેરના વિકાસકાર્યોમાં સૌના સહકારથી આગળ વધવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી હતી. જયારે કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાયે પાલિકાના વહીવટને વધુ ગતિશીલ અને પારદર્શક બનાવવા પ્રયાસ કરવાની વાત કરી હતી.

આ પ્રસંગે ભાજપના આગેવાનો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં સમર્થકો ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુકત હોદેદારોને શુભેચ્છાઓ પાઠવતા શહેરમાં વિકાસનાં નવા અધ્યાયની શરૂઆત થતાની આશા વ્યકત કરવામાં આવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા પાલિકાના પ્રમુખપદે

કરવામાં આવી હતી.

આ ઉપરાંત વોર્ડ નંબર–૪ માંથી કાઠી ક્ષત્રિય સમાજના શિવુભાઈ ખાદાને શાસક પક્ષના નેતા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, જયારે વોર્ડ નંબર–૩ માંથી મોચી સમાજના મનીષાબેન સરવૈયાને દંડક તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી.જિલ્લા ભાજપ મહામંત્રી દ્વારા હોદેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા ઉપસ્થિત સભ્યો અને કાર્યકર્તાઓએ તાળીઓના ગડગડાટ સાથે નવા હોદેદારોને અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભાજપના કાર્યકર્તાઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.અત્રે નોંધનીય બાબત એ રહી કે બાબરા નગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર ભાજપ દ્વારા બ્રહ્મસમાજ અને મોચી સમાજને મહત્વના હોદ્દેદાઓ પર સ્થાન આપવામાં આવ્યું છે. જેના કારણે વિવિધ સમાજોમાં ખુશીની લાગણી પ્રસરી હતી અને ભાજપ દ્વારા સામાજિક સમરસતાનો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.રાજકીયક્ષેત્રે એવી ચર્ચાઓ પણ ચાલી રહી છે કે નગરપાલિકાની આ નવી ટીમમાં મોટા ભાગના હોદેદારો પ્રથમવાર ચૂંટાઈને આવ્યા છે અને તેમને સીધી મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે. ત્યારે આગામી દિવસોમાં શહેરના વિકાસકાર્યો, પ્રજાલક્ષી નિર્ણયો અને વહીવટી કામગીરીમાં આ નવી ટીમ કેટલી અસરકારક સાબિત થાય છે તેના પર શહેરજનોની નજર રહેશે.

### જિલ્લા પંચાયતનાં સદસ્યનાં પ્રતિનિધિ દ્વારા ખાતમુહર્ત

# આનંદો : બાબરાનાં વાવડી ગામની પ્રાથમિક શાળાનુ સુવિધાસભર મકાન બનાવાશે

### શાળામાં ૬ આધુનિક ઓરડા, ટોયલેટ સહિતની સુવિધા ઉભી કરાશે

બાબરા, તા. ૧૯

બાબરા તાલુકાના વાવડી ગામે પ્રાથમિક શાળાના નવા બિલ્ડીંગના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ પ્રભાતભાઈ કોઠીવાળના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું. શિક્ષણ ક્ષેત્રે ગામના બાળકોને ઉત્તમ અને સુવિધાસભર માહોલ મળે તે હેતુસર



અંદાજિત રૂ. ૭૪.૮૦ લાખના ખર્ચે આ નવું શાળા બિલ્ડીંગ નિર્માણ પામશે.

નવા પ્રોજેક્ટ અંતર્ગત શાળામાં ૬ આધુનિક ઓરડા, બોયઝ ટોયલેટ, ગર્લ્સ ટોયલેટ તેમજ એમ.ડી.એમ. રૂમના રિપેરીંગ સહિતના વિકાસકાર્યો હાથ ધરાશે. આ નવી સુવિધાઓના કારણે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ સારા અને ગુણવત્તાસભર શિક્ષણની તક પ્રાપ્ત થશે તેમજ શૈક્ષણિક વાતાવરણ વધુ મજબૂત બનશે.કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ પ્રભાતભાઈ કોઠીવાળ તથા હિતેશભાઈ કલકાણીનું ગ્રામજનો અને શાળા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત લોકોને સંબોધતા આગેવાનોએ રાજય સરકાર દ્વારા ચાલી રહેલા લોકકલ્યાણ અને વિકાસલક્ષી કાર્યો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને આધારભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા સતત પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે ગામના સરપંચ ભીમજીભાઈ દેવચંદભાઈ કોલડીયા, પરસોત્તમભાઈ રામાણી, મનસુખભાઈ કોલડીયા, રમેશભાઈ ઠુમ્મર, વિક્રમભાઈ દેથળીયા, વશરામભાઈ કોયરા, મુકેશભાઈ કોયરા સહિતના આગેવાનો, ટીઆરપી પ્રતિનિધિઓ, શાળાનો સ્ટાફ તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અવસાન નોંધ

**લીલીયા મોટા :** લીલીયા મોટા નિવાસી. સ્વ. રતિલાલ પીતાંબરદાસ રવાણીના ધર્મ પત્ની સ્વ જયશ્રીબેન રતિલાલ રવાણી (ઉ ૭૧) તા. ૧૯/૫/૨૬ના રોજ શ્રીજી ચરણ પામેલ છે, તે બીપીનભાઈ રતિલાલ રવાણી તથા નિકુંજભાઈ રવાણી, માલતીબેન નીતિનભાઈ રાયચા, (સુરત) તથા પારૂલબેન ઘનશ્યામભાઈ સેજપાલ (ગારિયાધાર)ના માતૃશ્રી થાઈ સદગતનું બેસણું/ઉઠમણું તા. ૨૧/૫/૨૬ ગુરૂવાર, શ્રી જલારામ મંદિર સ્ટેશન રોડ લીલીયા મોટા મુકામે સાંજના ૪ થી ૬ રાખેલ છે.



## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૨૫ | ૧૩૪૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૪ | શિંગદાણા | ૧૪૯૦ | ૨૩૬૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૫૦ | ૧૯૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૪૪૫ |
| ૭ | તલ કાળા | ૨૩૦૦ | ૩૬૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૦૮૫ | ૨૨૨૦ |
| ૯ | બાજરો | ૪૪૦ | ૪૫૫ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૮૩૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૭૫ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૫ |
| ૧૩ | મકાઈ | ૩૦૦ | ૩૬૫ |
| ૧૪ | મગ | ૧૪૭૦ | ૧૭૮૦ |
| ૧૫ | અડદ | ૧૦૨૦ | ૧૫૦૦ |
| ૧૬ | ચણા | ૯૦૦ | ૧૧૧૦ |
| ૧૭ | ચણા દેશી | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૧૮ | સફેદ ચણા | ૧૦૩૫ | ૧૧૩૫ |
| ૧૯ | વટાણા | ૪૧૦ | ૪૧૦ |
| ૨૦ | તુવેર | ૮૭૦ | ૧૫૫૦ |
| ૨૧ | વાલ | ૮૦૦ | ૧૭૫૦ |
| ૨૨ | કપાસ | ૧૦૦૦ | ૨૦૨૫ |
| ૨૩ | એરંડા | ૧૧૧૦ | ૧૨૮૫ |
| ૨૪ | જીરૂ | ૨૪૦૦ | ૩૬૯૦ |
| ૨૫ | ધાણા | ૨૦૨૦ | ૨૩૨૫ |
| ૨૬ | ધાણી | ૧૯૦૦ | ૨૪૮૦ |
| ૨૭ | મેથી | ૮૮૦ | ૧૩૧૦ |
| ૨૮ | સોયાબીન | ૯૦૦ | ૧૪૨૦ |
| ૨૯ | વરીયાળી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૩૦ | કાંગ | ૪૦૦ | ૪૦૦ |
| ૩૧ | કલોજી | ૧૬૦૦ | ૩૨૬૦ |


## જાહેર નોટિસ

**મોજે – તોરી, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી, ખાતા નં. ૧૪૯૩**
**રે.સ.નં.૨૭૨ પૈકી ૧, હેકટર ૨–૫૫–૯૭,**
**રે.સ.નં.૨૭૨ પૈકી ૨, હેકટર ૨–૫૫–૯૭,**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે તોરી, તા. વડીયા–કુંકાવાવ, જી.અમરેલીની ઉપરોકત વિગતે ખેતીની જમીન **બાવાભાઈ હરીભાઈ પાનેલીયા** તથા **ભાવેશભાઈ વલ્લભભાઈ સાંગાણી**ના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, સ્વ. પાર્જીત હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ જમીન સ્થળ ઉપર એકબીજાને લાગું છે એટલે કે સ્થળ ઉપર એકજ છે. આ જમીન નામે 'લાંબીધાર' નામે આવેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ ખેતી / ગણોત/લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન – ૧૦માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસએપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની સુચનાથી**

**તારીખ : ૨૦/૦૫/૨૦૨૬**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા (એડવોકેટ)**

## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **કિશોરકુમાર એમ. પાઠક, (એડવોકેટ–નોટરી) રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદીર રોડ, લીલીયા મોટા,** તે મારા અસીલ ખેતીની જમીન ખરીદનારઃ– **દયાબેન કૌશિકભાઈ ખુંટ,** રહે. મુ. કણકોટ, તા.જિ.રાજકોટ ની સુચના અને ફરમાઈશ મુજબ લાગતા વળગતા તમામને જાણ કરવાની કે...

અમરેલી જિલ્લાના **લીલીયા તાલુકા**ના મોજે : **લોકા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડની ખેતીની જમીનો આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ લેવા (ખરીદવા) માંગે છે. જે જમીનની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | નામ / ધારણકર્તા | ખાતાનંબર | રે.સ.નં. | જુનો સ.નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|---|
| ૧<br>૨ | ચિમનભાઈ નારણભાઈ વાડદોરીયા<br>ચિરાગ ચિમનભાઈ વાડદોરીયા | ૩૮૨ | ૧૮૫/પૈકી ૨ | ૩૬/૧ | ૦–૯૮–૬૮ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની જમીનો સંબંધે કે તેના કબ્જા સંબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ – ભાગ, હક્ક–હિસ્સો, બક્ષીસ, અગ્રહક્ક, વારસાઈ હક્ક કે લેણુ, ગીરો, બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંક સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને ઉપર આપેલ સરનામે લેખીત આધાર પુરાવા સાથે દીન–૦૭ (સાત)માં જાણ કરવી, જો સમય મર્યાદામાં જાણ કરવામાં ન આવે તો કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી તેમ માનીને આપનો હક્ક જતો એટલે કે વેવ કરેલ છે. તેમ સમજી અમો પાક્કો રજીસ્ટર વેંચાણ દસ્તાવેજ ઉપર આપેલ વ્યકિતઓ પાસેથી અમારા અસીલના નામે કરાવી આપીશું. ત્યારબાદ કોઈના વાંધા તકરાર અમારા અસીલના હક્ક, હીત, હીસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓ એ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**તારીખ : ૧૯/૦૫/૨૦૨૬** **તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**રહે. મનુસ્મૃતી, કિકાણી પ્લોટ, ઉમીયા મંદિર રોડ, લીલીયામોટા, મો. ૯૪૨૭૪ ૨૯૫૯૦ ૯૮૨૪૬ ૬૧૫૦૦**

**કિશોરકુમાર એમ.પાઠક** (એડવોકેટ એન્ડ નોટરી)

## જાહેર નોટિસ

**મોજે – પાટખીલોરી, તા.ગોંડલ, જી.રાજકોટ, ખાતા નં. ૪૯૯**
**રે.સ.નં.૬૧ પૈકી ૨૦/પૈકી ૨, હેકટર ૧–૬૧–૮૮**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે પાટખીલોરી, તા. ગોંડલ, જી.રાજકોટની ઉપરોકત વિગતે ખેતીની જમીન **ગીરધરભાઈ રણછોડભાઈ વિરડીયા** ના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, સ્વ. પાર્જીત હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે,

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ ખેતી / ગણોત/લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૦૮માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસએપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની**

**તારીખ : ૨૦/૦૫/૨૦૨૬**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે, મુ. વડિયા, (જી. અમરેલી) મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા (એડવોકેટ)**


# અમરેલી : BAPS સ્વામીનારાયણ મંદિરના પાટોત્સવમાં મંત્રી કૌશિક વેકરિયાની ઉપસ્થિતિ






અમરેલી ખાતે આવેલ BAPS Swaminarayan Sanstha સંચાલિત BAPS સ્વામિનારાયણ મંદિરના પાટોત્સવ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી કૌશિક વેકરિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ધાર્મિક પ્રસંગે તેમણે ભગવાનના દર્શન કરી સંતો અને મહંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ભકિતમય વાતાવરણ વચ્ચે મોટી સંખ્યામાં હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ પાટોત્સવ પ્રસંગે મંદિર સંચાલકો અને હરિભકતોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો સમાજમાં એકતા, શાંતિ અને આધ્યાત્મિકતા પ્રસરાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. મંત્રી કૌશિક વેકરિયાએ પોતાના સંદેશમાં જણાવ્યું કે ''પાટોત્સવની તમામ હરિભકતોને અનંત શુભકામનાઓ પાઠવું છું. જય સ્વામિનારાયણ.'' તેમના આ સંદેશને ઉપસ્થિત ભકતોએ હર્ષભેર વધાવ્યો હતો. આ પ્રસંગે સંતો–મહંતો, આગેવાનો અને ભકતોએ મંદિરના પાટોત્સવને ભવ્ય અને યાદગાર બનાવ્યો હતો. સમગ્ર મંદિર પરિસર ભકિત અને આનંદના માહોલથી ગુંજી ઉઠ્યું હતું.

# ગુજરાત રાજયમાં હોસ્પિટલમાં દાખલ થઈ સારવાર લેતા દર્દીઓનો

# ગ્રામ્ય વિસ્તારમાં આરોગ્યનો ખર્ચ ૨૯૫૧૬ અને શહેરી વિસ્તારમાં ૫૩૭૪૭

**ગ્રામ્ય વિસ્તારમાં ૨૮.૨ ટકા દર્દીઓ સરકારી હોસ્પિટલમાં અને ૫૯.૫ ટકા દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લે છે**

**શહેરી વિસ્તારનાં ૨૩.૫ ટકા સરકારી હોસ્પિટલમાં અને ૬૯.૫ ટકા દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર લે છે**

**ગ્રામ્ય વિસ્તારમાં ૪૨.૫ ટકા બાળકો સરકારી હોસ્પિટલમાં અને ૫૧.૫ ટકા બાળકો ખાનગી હોસ્પિટલમાં જન્મ લે છે**

**રાજયની જનતાનો સરકારી દવાખાના પરનો વિશ્વાસ સતત ઘટી રહ્યો છે : કોંગ્રેસ**

અમદાવાદ, તા. ૧૯

રાજીવ ગાંધી ભવન ખાતે વિશેષ પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ જણાવ્યું હતું કે ગુજરાત રાજયની આરોગ્ય વ્યવસ્થાને આર્થિક અસમાનતાની પોલ ખોલતો રિપોર્ટ કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. ' 'Household social consumption: Health'' રિપોર્ટમાં ગુજરાત રાજયની જાહેર આરોગ્ય વ્યવસ્થા ઉપર ઘટતા વિસના સવાલ ઉભા થયા છે. હોસ્પિટલમાં દાખલ થતા ગુજરાતના દર્દીને ગ્રામીણ વિસ્તારમાં ૨૮૫૧૬ રૂપિયાનો ખર્ચ થાય છે જયારે શહેરી દર્દીને ૫૩૭૪૭ રૂપિયાનો ખર્ચ થાય છે. ગુજરાત રાજયનો ગ્રામીણ વિસ્તારના દર્દીઓ પ્રસુતિ સિવાયના અન્ય કિસ્સામાં ૨૮.૨ % સરકારી હોસ્પિટલમાં દાખલ થાય છે, જયારે ૫૯.૫% દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં દાખલ થાય છે અને ૧૨.૩% ચેરિટેબલ હોસ્પિટલમાં દાખલ થાય છે. શહેરી વિસ્તારના ૨૩.૫% દર્દીઓ સરકારી હોસ્પિટલમાં દાખલ થાય છે જયારે ૬૯.૫% ખાનગી હોસ્પિટલમાં સારવાર લે છે અને ૭ % દર્દીઓ ચેરિટેબલ હોસ્પિટલમાં સારવાર લે છે. કોંગ્રેસના સમયમાં બનેલી સરકારી હોસ્પિટલમાં આઉટ ઓફ પોકેટ ખર્ચ એટલે દર્દીના ખિસ્સામાંથી ગ્રામીણ વિસ્તારમાં ૪૧૮૫ રૂપિયા અને શહેરી વિસ્તારમાં ૨૯૧૭ ખર્ચ થાય છે. ચેરિટેબલ હોસ્પિટલમાં દર્દીઓને આઉટ ઓફ પોકેટ એટલે ખિસ્સામાંથી ગ્રામીણ વિસ્તારમા ૧૪૬૫૯ રૂપિયા અને શહેરી વિસ્તારમાં ૨૨૭૯૯ રૂપિયાનો ખર્ચ થાય છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં દર્દીઓના ખિસ્સામાંથી ગ્રામીણ વિસ્તારમાં ૩૭૫૯૫ રૂપિયાનો ખર્ચ થાય છે અને શહેરી વિસ્તારમાં ૫૩૬૩૨ રૂપિયાનો ખર્ચ થાય છે.

ગુજરાત રાજયમાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૨.૫% બાળકો સરકારી હોસ્પિટલમાં જન્મે છે, ૬% ચેરિટેબલમાં અને ૫૧.૫% ખાનગી હોસ્પિટલમાં જન્મે છે. ગુજરાતના શહેરી વિસ્તારમાં ૩૨.૯% બાળકો સરકારી હોસ્પિટલમાં જન્મે છે, ૩.૬% ચેરિટેબલમાં અને ૬૩.૫% બાળકો ખાનગી હોસ્પિટલમાં જન્મે છે. ગુજરાતમાં પ્રસુતિના ખર્ચમાં મોટો તફાવત હોવા છતાં ખાનગી હોસ્પિટલને પસંદ કરી રહ્યા છે. ગુજરાત રાજયમાં બાળકના જન્મમાં આઉટ ઓફ પોકેટ ખર્ચ એટલે ખિસ્સામાંથી ખર્ચ ગ્રામીણ સરકારી હોસ્પિટલમાં ૮૩૨ રૂપિયાનો થાય છે અને શહેરી વિસ્તારમાં ૧૪૬૦ રૂપિયાનો ખર્ચ થાય છે. ગ્રામ્ય વિસ્તારની ચેરિટેબલ હોસ્પિટલમાં બાળકના જન્મ ઉપર ઓઉટ ઓફ પોકેટ ખર્ચ ૧૦૮૪૮ રૂપિયાનો થાય છે અને શહેરી વિસ્તારમાં ૧૭૦૬૦ રૂપિયાનો ખર્ચ થાય છે. ખાનગી હોસ્પિટલમાં ગુજરાતીને બાળકના જન્મ ઉપર આઉટ ઓફ પોકેટ ખર્ચ ગ્રામીણ વિસ્તારમાં ૨૫૭૧૭ રૂપિયા અને શહેરી વિસ્તાર ૩૪૪૧૪ રૂપિયાનો થાય છે. આરોગ્ય ખર્ચની ગુજરાતમાં મોટા પ્રમાણમાં અસમાનતા જોવા મળી છે. ગુજરાતની જાહેર આરોગ્ય વ્યવસ્થા ખાનગી કંપનીને સોંપી દેવાની નીતી નાગરિકોના માટે ખુબ ચિંતાજનક છે. ગુજરાતના આરોગ્ય વ્યવસ્થામાં સુવિધાનો અભાવ અને ડોક્ટરોની ઘટ જેવા મુદ્દાના લીધે લોકોને સરકારી આરોગ્ય વ્યવસ્થા ઉપર વિસ ઘટ્યો છે. સરકારી આરોગ્ય વ્યવસ્થાની બેહાલી ના લીધે ગુજરાતની જનતાએ ખાનગી હોસ્પિટલના સહારે જવું પડે છે. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં આરોગ્ય ખર્ચમાં મોટી આર્થિક અસમાનતા જોવા મળી છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોએ સરકારી સીએચસી, પીએચસી ની જગ્યાએ ખાનગી હોસ્પિટલમાં જવા મજબૂર થયા છે.

## રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયા દ્વારા

# રાજકોટ ખાતે આગામી ૧૪ જૂને રઘુવંશી દીકરા દીકરીઓ માટે નિ:શુલ્ક વેવિશાળ પરિચય મેળો યોજાશે

**મેળાનું સંચાલન વિહીતાબેન કેસરીયા અને રીટાબેન જોબનપુત્રા કરશે**



અમરેલી, તા. ૧૯

રઘુવંશી અગ્રણી કિરીટભાઈ કેસરીયા તથા પંકજભાઈ જોબનપુત્રા દ્વારા તા. ૧૪, જુન, રવિવારના રોજ બપોરે ૨–૦૦ થી સાંજે ૭–૦૦ વાગ્યા સુધી રઘુવંશી દિકરા–દિકરીઓ માટે ''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળો'' રાજકોટના હાર્દસમા હેમુ ગઢવી હોલ ખાતે યોજાશે. પરીચય મેળામાં પધારનાર તમામ મહેમાનો માટે ભોજનની વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવેલ છે.તન, મન, ધન, વચન, કર્મથી સતત સક્રિય અને યુવાનોને શરમાવે તેવી સ્કૂર્તિથી સેવારત કિરીટભાઈ કેસરીયા તથા પંકજભાઈ જોબનપુત્રા ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા–દિકરીનાં વેવિશાળના મુદ્દે કાર્યરત છે.''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળા''માં સમગ્ર ગુજરાતમાંથી રઘુવંશી ગ્રેજયુએટ દિકરીઓએ બહોળી સંખ્યામાં લાભ લેવા કિરીટભાઈ કેસરીયા તથા પંકજભાઈ જોબનપુત્રાએ અપીલ કરાઈ છે.''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળા''માં ભાગ લેવા ઈચ્છતા દિકરા–દિકરીઓએ પોતાના બાયોડેટાની બે કોપી તથા ફોટોગ્રાફ બે કોપીમાં (૧) ૨–કોલેજવાડી, 'વ્રજ વિહાર' એપાર્ટમેન્ટ, ફલેટ નં. ૧૦૧, રાજકુમાર કોલેજની સામે, રાજકોટ કિરીટભાઈ કેસરીયા મો. ૯૮૨૪૨ ૨૪૨૭૦, (૨) રાજશકિત ડેરી ફરસાણ એન્ડ સ્વીટ માર્ટ, ૫/૯ કોર્નર જંકશન પ્લોટ મેઈન રોડ, ડો. કાછેલાની સામે, રાજકોટ પંકજભાઈ જોબનપુત્રા મો. ૯૮૨૫૯ ૯૮૨૬૧ (૩) સ્વ. જગુભાઈ રૂપારેલીયા સ્થાપિત સંસ્થા શ્રીનાથજી વેવિશાળ માહિતી કેન્દ્ર, સિધ્ધિ ફલેટસ, હાઉસિંગ બોર્ડ શેરી નં. ૫, અક્ષર માર્ગ, એન્જલ મદ્રાસ કાફે પાસે, રાજકોટ. અમરશીભાઈ રૂઘાણી (મો.૯૩૭૭૭ ૮૮૨૨૯), (૪) અંબિકા અપરેલસ, રેર રેબિટ શોરૂમ સામે, નાઈસ એન્ડ ન્યુની બાજુમાં, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ, જયભાઈલાલસેતા (મો. ૯૬૬૨૮ ૯૯૯૦૯) તથા (૫) જલીયાણ આર્ટ, નક્ષત્ર–૬, શોપ નં. ૧૬, સમૃધ્ધિ ભવનની સામે, ગોંડલ રોડ, રાજકોટ ખાતે નિલેશભાઈ અનડકટ (મો. ૯૮૨૪૪ ૫૨૦૯૨) પરના સરનામે તા.૨૫/૦૫/૨૦૨૬, સોમવાર સુધીમાં મોકલી દેવા ફરજીયાત છે.''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળા''નો મુખ્ય ધ્યેય રઘુવંશી પરીવારની દિકરીઓ કે જે આજના આધુનીક યુગમાં રઘુવંશી દિકરીઓને સુખમય સંસાર મળે અને સારી રીતે પોતાની જીંદગી વિતાવી શકે અને પોતા માટે સારા પાત્રની પસંદગી કરી શકે તે માટે આ પરીચય મેળાનું આયોજન કરવામા આવ્યું છે.''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળા''ને નટુભાઈ કોટક (લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ, ચેરમેન), કિશોરભાઈ કારીયા, જતીનભાઈ ભીંડોરા (બજરંગ મિત્ર મંડળ), હેમલભાઈ ખંઢેરીયા, મહેશભાઈ કોટક, શૈલેષભાઈ પુજારા, ભદ્રેશભાઈ વડેરા, રાજુભાઈ જોબનપુત્રા, ધર્મેશભાઈ નંદાણી, અમીતભાઈ નાગરેચા, મનીષભાઈ અનડકટ, આશીષભાઈ પુજારાનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે. રઘુવંશી સમાજમાં એકતા, સંસ્કાર અને સારા સંબંધોની પરંપરાને આગળ વધારવા આ ભવ્ય ''નિ:શુલ્ક રઘુવંશી મહા પરીચય મેળો''નું આયોજન કરવામાં આવ્યું છે. સમાજના યુવક–યુવતીઓને યોગ્ય જીવનસાથી મળી રહે અને પરિવારોને એક વિસભર્યું મંચ પ્રાપ્ત થાય તે શુભ હેતુથી આ વિશાળ મેળો યોજાઈ રહ્યો છે.

આ મહા પરીચય મેળામાં રાજયભરના તેમજ બહારગામના રઘુવંશી પરિવારો ભાગ લેશે. યુવક–યુવતીઓ તથા તેમના વાલીઓને એક જ સ્થળે પરસ્પર પરિચય, ચર્ચા અને સંવાદની ઉત્તમ તક મળશે. સમાજમાં વધતા આધુનિક સમયમાં પણ સંસ્કાર, પરંપરા અને પરિવાર મૂલ્યો જળવાઈ રહે તે માટે આ પ્રકારના આયોજનને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.મેળામાં ભાગ લેવા માટે કોઈપણ પ્રકારની ફી લેવામાં આવનાર નથી. સંપૂર્ણ આયોજન નિ:શુલ્ક રાખવામાં આવ્યું છે જેથી સમાજનો દરેક પરિવાર સરળતાથી જોડાઈ શકે. કાર્યક્રમ દરમિયાન યુવક–યુવતીઓના પરિચય સત્ર, માર્ગદર્શન, પરિવાર મુલાકાત તેમજ સમાજના આગેવાનોના પ્રેરણાદાયી સંબોધનનું આયોજન પણ કરવામાં આવશે.આયોજકો કિરીટભાઈ કેસરીયા તથા પંકજભાઈ જોબનપુત્રાએ જણાવાયું હતું કે, આજના સમયમાં સમાજને એક મજબૂત અને વિસપાત્ર પ્લેટફોર્મની જરૂર છે, જયાં પરિવારો નિર્ભય રીતે પોતાના સંતાનો માટે યોગ્ય જીવનસાથી શોધી શકે, આ મહા પરીચય મેળો એ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.ગુજરાતભરમાં વસવાટ કરતા રઘુવંશી પરિવારો, યુવક–યુવતીઓ તથા આગેવાનોને મોટી સંખ્યામાં હાજરી આપી સમાજની એકતા અને સંસ્કારની પરંપરાને વધુ મજબૂત બનાવવા કિરીટભાઈ કેસરીયા તથા પંકજભાઈ જોબનપુત્રાએ અપીલ કરી છે.''નિ:શુલ્ક રઘુવંશી વેવિશાળ મહા પરીચય મેળા'' વિશેષ માહિતી માટે કિરીટભાઈ કેસરીયા (મો.૯૮૨૪૨ ૨૪૨૭૦ ) તથા પંકજભાઈ જોબનપુત્રા (મો.૯૮૨૫૯ ૯૮૨૬૧) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ''મારૂં ગામ હરિયાળું ગામ'' અભિયાન અંતર્ગત

# અમરેલીનાં મોણપુરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**રાજયમંત્રી કૌશિક વેકરિયા ઉપસ્થિત રહ્યા**





અમરેલી, તા. ૧૯

અમરેલી આજે ગ્રીન આર્મી મોણપુર દ્વારા આયોજિત ''માઢં ગામ હરિયાળું ગામ'' અભિયાન અંતર્ગત ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગામનાં ઉત્સાહી યુવાનો, વડીલો અને ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી પર્યાવરણ સંરક્ષણ માટે સંકલ્પ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન વિવિધ સ્થળોએ વૃક્ષોનાં રોપા વાવવામાં આવ્યા અને દરેક વૃક્ષનું જતન કરવાની જવાબદારી પણ સ્વીકારવામાં આવી. વધતા પ્રદૂષણ અને ઘટતા હરિયાળા વિસ્તાર વચ્ચે આવા અભિયાનોથી પર્યાવરણ જાળવવામાં મહત્વપૂર્ણ યોગદાન મળી રહે છે. ગામને સ્વચ્છ, હરિયાળું અને પર્યાવરણ મૈત્રી બનાવવા માટે ગ્રામજનોમાં ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે મંત્રી કૌશિક વેકારીયાએ જણાવ્યું હતું કે, વૃક્ષો માત્ર પર્યાવરણ માટે જ નહીં પરંતુ માનવ જીવન માટે પણ અનિવાર્ય છે. આજનાં સમયમાં દરેક વ્યક્તિતએ ઓછામાં ઓછું એક વૃક્ષ વાવી તેનું સંવર્ધન કરવું જોઈએ. તેમણે યુવાનોનાં પ્રયાસોની પ્રશંસા કરી અને ગ્રીન આર્મી મોણપુરની કામગીરીને અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમ અંતે સૌએ વધુમાં વધુ વૃક્ષારોપણ કરીને ગામને હરિયાળું બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે

# અમરેલી ખાતે વસ્તી ગણતરીની સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયામાં જોડાવા માટે નાગરિકોને અનુરોધ કર્યો

**વસ્તી ગણતરીની સાચી માહિતી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યો અસરકારક બનાવવા જરૂરી**



અમરેલી, તા. ૧૯

વસ્તી ગણતરી –૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજયમાં જનગણના – ૨૦૨૭ અંતર્ગત સ્વ–ગણતરી (Self Enumeration) પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. આ પ્રક્રિયામાં સ્વ–ગણતરી કરવી હવે સહેલી છે. સમગ્ર રાજયમાં આગામી ૩૧મે દરમિયાન નાગરિકો ઓનલાઈન પોર્ટલ પર પોતાની જાતે સ્વ–ગણતરી કરી શકે છે. અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતે વિકસિત ભારત–૨૦૨૭ના નિર્માણ માટે દેશની જરૂરી એવી નીતિઓ અને યોજનાઓના ઘડતરમાં વસતિ ગણતરીને અભિન્ન અંગ ગણાવ્યું છે. આ અંગે નાગરિકોને રાષ્ટ્રહીતમાં સ્વ–ગણતરી પ્રક્રિયામાં જોડાવા માટે અપીલ કરતા ખરાતે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવે છે. હું નાગરિકોને અપીલ કરૂ છું કે, આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ–ગણતરી કરી શકશો. આ તકે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે ખરાતે તેમની સ્વ–ગણતરી પ્રક્રિયા માટે નોંધણી પ્રક્રિયા કરી હતી અને નાગરિકોન ઉત્સાહપૂર્વક આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે અપીલ કરી હતી.

# જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ના નાપાસ વિદ્યાર્થીઓ માટે ખાસ માર્ગદર્શન વર્ગો યોજાશે

અમરેલી, ૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ફેબ્રુઆરી–માર્ચ ૨૦૨૬ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપચારાત્મક શિક્ષણ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓ શિક્ષણના મુખ્ય પ્રવાહમાં ટકી રહે અને જૂન–૨૦૨૬ની પૂરક પરીક્ષામાં સફળ થાય તે માટે આ અભિયાનનો યોજાઈ રહ્યું છે. સમયગાળો: તા. ૧૮/૦૫/૨૦૨૬ થી તા. ૦૬/૦૬/૨૦૨૬ સુધી. સમય: સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધી વર્ગનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ વર્ગો અમરેલી–એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ (કન્યાઓ માટે) અને જ્ઞાનદીપ વિદ્યામંદિર (કુમાર માટે), લાઠી–કલાપી વિનય મંદિર, લીલીયા– અમૃતબા હાઈસ્કુલ, લીલીયા, બાબરા–સરકારી કમળશી હાઈસ્કુલ, ધારી–જી. એન. દામાણી હાઈસ્કુલ, બગસરા– મેઘાણી હાઈસ્કુલ, કુંકાવાવ– સુરગવાળા સાર્વજનિક હાઈસ્કુલ, સાવરકુંડલા–એસ. વી. દોશી હાઈસ્કુલ, ખાંભા – જે. એન. મહેતા હાઈસ્કુલ, રાજુલા– ટી. જે. બી. હાઈસ્કુલ, જાફરાબાદ– મોડેલ સ્કુલ ખાતે યોજાશે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ વર્ગોનો લાભ લે માટે જિલ્લા શિક્ષણાધીકારી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલામાં સદભાવનાં ગ્રુપ દ્વારા ૧૦૭મો રક્તદાન કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૯

સ્થાનિક સ્તરે માનવ સેવાના કાર્યોમાં સદા અગ્રેસર રહેતા સાવરકુંડલાના પ્રતિષ્ઠિત "સદભાવનાં ગ્રુપ" દ્વારા તાજેતરમાં ૪૩ ડિગ્રી જેટલા આકરા તાપમાન વચ્ચે પણ ૧૦૭માં રક્તદાન કેમ્પનું અત્યંત સફળ આયોજન કરવામાં આવ્યું હતું. અમરેલી રેડક્રોસ સોસાયટીનાં વિશેષ સહયોગથી યોજાયેલા આ કેમ્પમાં શહેરનાં સેવાભાવી રક્તદાતાઓએ કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ ૭૭ યુનિટ જેટલું અમૂલ્ય રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.છેલ્લા ૨૪ વર્ષથી સતત કાર્યરત અને ૮ જેટલી વિવિધ હેલ્પલાઈન દ્વારા સમાજસેવાનાં પ્રકલ્પો ચલાવતા સદભાવનાં ગ્રુપ દ્વારા આ ૧૦૭મો રક્તદાન કેમ્પ ખૂબ જ સુંદર અને સુવ્યવસ્થિત રીતે આયોજિત કરાયો હતો. આ પ્રસંગે સંસ્થાનાં સભ્યો દ્વારા ઉપસ્થિત લોકોને રક્તદાનનાં સર્વોચ્ચ મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા."સમયસર મળેલું લોહીનું એક ટીપું પણ અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે નવજીવન આપી શકે છે."આ કેમ્પ આગામી દિવસોમાં અનેક અકસ્માતગ્રસ્ત કે ગંભીર બીમારીથી પીડાતા લોકો માટે પરોક્ષ રીતે જીવનદાતા સાબિત થશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સદભાવનાં ગ્રુપનાં તમામ સ્વયંસેવકો અને રેડક્રોસ સોસાયટીની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.


**સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬–૨૭**

| વિગત | વાર્ષિકફી |
|---|---|
| ગુ.મી. નર્સરી–KG-1-2 | ૪૨૦૦ |
| પ્રાથમિક ધો. ૧ થી ૫ | ૬૨૦૦ |
| ઉચ્ચ પ્રાથમિક ધો. ૬ થી ૮ | ૭૩૦૦ |
| માધ્યમિક ધો. ૯ – ૧૦ | ૮૬૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ આર્ટસ | ૯૯૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૦,૮૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ઈ.મી. નર્સરી–KG-1-2 | ૬૯૦૦ |
| GSEB ધો. ૧ થી ૫ | ૮૮૦૦ |
| GSEB ધો. ૬ થી ૮ | ૧૦,૮૦૦ |
| GSEB ધો. ૯ – ૧૦ | ૧૨,૮૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૬,૧૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ICSE ધો. ૧ થી ૫ | ૧૦,૬૦૦ |
| ICSE ધો. ૬ થી ૮ | ૧૨,૮૦૦ |
| ICSE ધો. ૯ – ૧૦ | ૧૫,૨૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી.-Ad072


**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ–મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી


**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**

**દુકાન વેચવાની છે...**

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.

:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪



**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER -1 | S.Y.B.Com. SEMESTER - 3 | T.Y.B.Com. SEMESTER - 5 | M.Com. SEMESTER -1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદ્દન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી





# ઉપપ્રમુખપદે યજ્ઞેશ શુકલ અને કારોબારી ચેરમેન તરીકે અશ્વિન મકવાણા

# બાબરા પાલિકાના પ્રમુખપદે રંજનબેન પરવાડીયાને જવાબદારી

**સૌ પ્રથમ વખત બ્રહ્મસમાજ અને મોચી સમાજને મહત્વનો હોદ્દો મળતા ખુશીનો માહોલ**

**લાઠીના પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં સામાન્ય સભા મળી**

**સૌ પ્રથમ નગરસેવક બનેલ ને મહત્વની જવાબદારી ભાજપે સોંપી**

**શિવુભાઈ ખાદાને શાસકપક્ષનાં નેતા અને મનીષાબેન સરવૈયાને દંડકની જવાબદારી**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૧૯

બાબરા શહેર નગરપાલિકામાં આગામી અઢી વર્ષ માટે પ્રમુખ, ઉપ પ્રમુખ તેમજ કારોબારી સમિતિના ચેરમેન સહિતના મહત્વના હોદ્દેદારોની વરણી કરવામાં આવતા શહેરના રાજકીય માહોલમાં નવી ચહલ પહલ જોવા મળી હતી. લાઠી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં પાલિકાના તમામ ચૂંટાયેલા સભ્યોની ઉપસ્થિતિમાં આ વરણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.

નગરપાલિકાના પ્રમુખ પદે સામાન્ય મહિલા બેઠક હોવાથી વોર્ડ નંબર–૨ માંથી ચૂંટાઈ આવેલા કડવા પાટીદાર સમાજના રંજનબેન રમેશભાઈ પરવાડીયાની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી હતી. જયારે વોર્ડ નંબર–૧ માંથી બ્રહ્મસમાજના યજ્ઞેશ શુકલને ઉપ પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. કારોબારી સમિતિના ચેરમેન તરીકે અશ્વિનભાઈ મકવાણાની વરણી

અનુસંધાન પાના ૬ ઉપર


## કાળઝાળ ગરમીની સમી સાંજે ઘટના

# લાઠીનાં ગાંગડીયા નદીનાં પુલ નજીક અચાનક આગ લાગતા દોડધામ

**ફાયર ટીમ ઘટના સ્થળે દોડી ગઈ**

અમરેલી, તા. ૧૯

લાઠીનાં ગાંગડીયા નદીનાં પુલ નજીક સાંજના સમયે વૃક્ષોમાં આગ લાગતા મામલતદાર, પીજીવીસીએલનાં કર્મચારીઓ અને ફાયર ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી.








## ધારાસભ્ય કસવાલાનાં નેતૃત્વમાં વિકાસની ગતિ આગળ વધશે

# સાવરકુંડલા પાલિકાનાં પ્રમુખ પદે નયનાબેન કાપડીયા ઉપપ્રમુખ પદે નૂતનબેન તન્ના

**ભાજપનાં કાર્યકર્તાઓએ વિજયોત્સવ મનાવ્યો**



સાવરકુંડલા, તા. ૧૯

આજ રોજ સાવરકુંડલા નગરપાલિકાના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા નગરપાલિકા હોલ ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ અને ગરિમામય માહોલમાં સંપન્ન થઈ હતી. ભારતીય જનતા પાર્ટી સંગઠન દ્વારા સર્વાનુમતે સાવરકુંડલા નગરપાલિકાના નવા પ્રમુખ તરીકે શ્રીમતી નયનાબેન અતુલભાઈ કાપડીયા અને ઉપપ્રમુખ તરીકે શ્રીમતી નૂતનબેન પરાગભાઈ તન્નાની સત્તાવાર વરણી કરવામાં આવી છે.

નગરપાલિકાના વહીવટને વધુ સુદ્રઢ અને પારદર્શક બનાવવા માટે અન્ય મહત્વની જવાબદારીઓ પણ સોંપવામાં આવી છે, જેમાં કારોબારી ચેરમેન : જીગ્નેશભાઈ પરષોત્તમભાઈ ટાંક, શાસક પક્ષના નેતા : દિનેશભાઈ બાબુભાઈ રાઠોડ,

પક્ષના દંડક : અરવિંદભાઈ શ્યામજીભાઈ મેવાડા, આ પ્રસંગે લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ નવનિયુકત ટીમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ' 'સાવરકુંડલાના સર્વાંગી વિકાસ માટે આ નવી ટીમ નવી ઊર્જા અને સંકલ્પ સાથે કામ કરશે. છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો

અનુસંધાન પાના ૬ ઉપર


**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**

**1,45,700/-**
**(૧૦ ગ્રામ)**

રહેલ તા. ૧૯/૦૫/૨૦૨૬ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો

63549 73131

**બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.**

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


## નવી બનેલ પાલીકાનાં હોદ્દેદારોની વરણી

# ધારી : નગરપાલિકાનાં પ્રમુખ પદે જયદીપભાઈ બસીયા ઉપપ્રમુખ પદે પરેશ પટ્ટણીની વરણી

**પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા કારોબારી ચેરમેન**

અમરેલી, તા. ૧૯

ધારી ખાતે નગરપાલિકા બન્યાં બાદ પ્રથમ ચૂંટણીઓમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળ્યા બાદ ધારી નગરપાલિકાના પ્રથમ સુકાનીઓના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. ભાજપ સંગઠન દ્વારા વિવિધ હોદ્દાઓ માટે આગેવાનોને જવાબદારી સોંપાતા કાર્યકરોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. ધારી નગરપાલિકાની નવી ટીમ બનતાં વિકાસકાર્યોને ગતિ આપશે. તેવી આશા વ્યકત કરવામાં આવી રહી છે.

ધારી નગરપાલિકાના પ્રમુખ તરીકે જયદિપભાઈ ચંપુભાઈ બસીયાની વરણી કરવામાં આવી છે.



જયારે ઉપપ્રમુખ તરીકે પરેશભાઈ ભગુભાઈ પટ્ટણીને જવાબદારી સોંપવામાં આવી છે. કારોબારી ચેરમેન તરીકે માજી ધારાસભ્ય મનસુખભાઈ ભૂવાને સ્થાન આપવામાં આવ્યું છે.

અનુસંધાન પાના ૬ ઉપર









*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)